" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "
રસધાર
# સંજોગ ન્યૂઝ
SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue - 244 | AD - 2025, Jeth Sud - 12 | Sunday, Dt.08-06-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ પીએમ મોદીને ફોન કર્યો

# ભારત અને કેનેડા વચ્ચે સંબંધો સુધરવાની આશા : વડાપ્રધાનને G7 માટે આમંત્રણ

ઓટાવા,તા.૭

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ પીએમ મોદીને ફોન કર્યો અને તેમને જી૭ માં આમંત્રણ આપ્યું છે. પીએમ મોદીએ તેમના એકસ હેન્ડલ પર આ માહિતી આપી હતી. પીએમ મોદીએ લખ્યું, કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીનો ફોન મેળવીને આનંદ થયો. તાજેતરની ચૂંટણીમાં વિજય બદલ તેમને અભિનંદન આપ્યા અને આ મહિને કનાનાસ્કિસમાં યોજાનારી G7 સમિટમાં આમંત્રણ આપવા બદલ તેમનો આભાર માન્યો. ભારત અને કેનેડા જીવંત લોકશાહી દેશો છે જે લોકો વચ્ચે ઊંડા સંબંધો દ્વારા જોડાયેલા છે. અમે પરસ્પર આદર અને સહિયારા હિતોના માર્ગદર્શન હેઠળ નવી ઉર્જા સાથે કામ કરીશું. શિખર સંમેલનમાં અમારી આગામી મુલાકાતની રાહ જોઈ રહ્યા છીએ. કેનેડાના નવા ચૂંટાયેલા વડાપ્રધાન માર્ક કાર્નીની આ પહેલથી તણાવગ્રસ્ત ભારત-કેનેડા સંબંધોમાં સુધારો થવાની આશા જાગી છે. તમને જણાવી દઈએ કે કેનેડાના ભૂતપૂર્વ વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોના કાર્યકાળ દરમિયાન, નવી દિલ્હી અને ઓટાવા વચ્ચેના સંબંધો ખૂબ જ ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે. તત્કાલીન



કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ ભારત પર ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાનો ખોટો આરોપ લગાવ્યો હતો, જેને ભારતે સ્પષ્ટપણે નકારી કાઢ્યો હતો. ત્યારથી, ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો ઘણા બગડ્યા છે. ભારત અને કેનેડાએ એકબીજાના રાજદ્વારીઓને પોતપોતાના દેશોમાંથી હાંકી કાઢ્યા હતા. આ સાથે, એકબીજાના દેશો સાથેના અન્ય ઘણા પ્રકારના સંબંધો પણ તૂટી ગયા હતા. પરંતુ હવે કાર્નીની પહેલથી, આશા છે કે ભારત-કેનેડા સંબંધોમાં જામી ગયેલો બરફ પીગળી જશે. કેનેડામાં આગામી G7 સમિટ ૧૫ થી ૧૭ જૂન દરમિયાન આલ્બર્ટા પ્રાંતના કનાનાસ્કિસ ક્ષેત્રમાં યોજાશે. આ પરિષદ કેનેડા માટે ખાસ મહત્વ ધરાવે છે, કારણ કે તે G7 ની ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે યોજાઈ રહી છે. અમેરિકા, ફ્રાન્સ, જર્મની, જાપાન, યુનાઈટેડ કિંગડમ, ઈટાલી, કેનેડા અને યુરોપિયન યુનિયન તેમાં ભાગ લઈ રહ્યા છે. ભારત છેલ્લા ૬ વર્ષથી સતત G7 માં ભાગ લઈ રહ્યું છે. હવે ભારત ૭મી વખત આ સમિટમાં ભાગ લેશે. જોકે ભારત G7 નું સભ્ય નથી પરંતુ તે આમંત્રિત સભ્ય તરીકે તેમાં ભાગ લઈ રહ્યું છે. પીએમ મોદીએ તેમના એકસ એકાઉન્ટ દ્વારા પુષ્ટિ આપી છે કે કેનેડાના પીએમ માર્ક કાર્નીએ તેમને G7 માં ફોન કરીને આમંત્રણ આપ્યું છે. તમને જણાવી દઈએ કે કાશ્મીર અને ખાલિસ્તાન જેવા સંવેદનશીલ મુદ્દાઓ પર ભારત અને કેનેડા વચ્ચે મતભેદોને કારણે, એવું કહેવામાં આવી રહ્યું હતું કે આ વખતે આ પરિષદમાં પીએમ મોદીની ભાગીદારી શંકાસ્પદ હતી. પરંતુ હવે તેના પરથી પડદો ઉંચકાઈ ગયો છે.

### ખાલિસ્તાન સમર્થકો દ્વારા આમંત્રણનો વિરોધ

કેનેડામાં ખાલિસ્તાન સમર્થકો દ્વારા ભારત વિરોધી વિરોધ દરમિયાન પીએમ મોદીને મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. G7 સમિટમાં પીએમ મોદીના આમંત્રણનો વિરોધ કરી રહ્યા હતા, જે દરમિયાન 'મોદીને મારી નાખો' ના નારા લગાવવામાં આવ્યા હતા. કેનેડાના પીએમ માર્ક કાર્નીએ ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ૧૫ થી ૧૭ જૂન દરમિયાન આલ્બર્ટામાં યોજાનારી G7 સમિટમાં આમંત્રણ આપ્યું છે. શુક્રવારે, બંને નેતાઓએ ફોન પર એકબીજા સાથે વાત કરી હતી, જેની માહિતી ભારતીય પ્રધાનમંત્રીએ X પર પોસ્ટ કરીને આપી હતી. ખાલિસ્તાન તરફી જૂથો પીએમ મોદીના આમંત્રણનો વિરોધ કરી રહ્યા હતા, પરંતુ માર્ક કાર્નીએ ભારતની વૈશ્વિક સ્થિતિને ધ્યાનમાં રાખીને તેમને આમંત્રણ આપવાનો નિર્ણય લીધો. ખાલિસ્તાન તરફી આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા બાદ બંને દેશો વચ્ચેના સંબંધો તણાવપૂર્ણ બન્યા હતા.

# આતંકવાદ સામેની લડાઈમાં અમેરિકા ભારતની સાથે : અમેરિકાના નાયબ વિદેશ મંત્રી

### અમેરિકા ગયેલા ભારતના સર્વદળીય પ્રતિનિધિમંડળ સાથે કરી વાત

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૭

ઓપરેશન સિંદૂર દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષ પછી પહેલીવાર અમેરિકા તરફથી મોટું નિવેદન સામે આવ્યું છે. અમેરિકાના નાયબ વિદેશ મંત્રી ક્રિસ્ટોફર લેન્ડૌએ કોંગ્રેસના સાંસદ શશિ થરૂરના નેતૃત્વમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળને જણાવ્યું હતું કે આતંકવાદ સામેની લડાઈમાં અમેરિકા ભારતની સાથે મજબૂતીથી ઉભું છે. પહેલગામ આતંકવાદી હુમલા અને ઓપરેશન સિંદૂર પર ભારતનો પક્ષ રજૂ કરવા માટે પ્રતિનિધિમંડળ અમેરિકામાં છે. ભારતીય પ્રતિનિધિમંડળે શુક્રવારે અહીં લેન્ડૌને મળ્યા હતા. ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એકસ' પર કહ્યું, ડૉ. શશિ થરૂરના નેતૃત્વમાં સર્વપક્ષીય સંસદીય પ્રતિનિધિમંડળે યુએસના નાયબ વિદેશ સચિવ લેન્ડૌ સાથે સારી અને સ્પષ્ટ વાતચીત કરી હતી. ભારતીય પ્રતિનિધિમંડળે તેમને



પહેલગામ આતંકવાદી હુમલા અને 'ઓપરેશન સિંદૂર'ની ક્રૂરતા વિશે માહિતી આપી હતી. લેન્ડૌએ 'એકસ' પર 'પોસ્ટ' દ્વારા જણાવ્યું હતું કે ભારતીય સંસદીય પ્રતિનિધિઓ સાથેની મુલાકાત શાનદાર હતી. તેમણે કહ્યું, મેં ફરીથી ખાતરી આપી કે આતંકવાદ સામેની લડાઈમાં અમેરિકા ભારતની સાથે મજબૂત રીતે ઉભું છે. અમે બંને દેશોમાં વિકાસ અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે વેપાર અને વાણિજ્યિક સંબંધોના વિસ્તરણ સહિત અમેરિકા-ભારત વ્યૂહાત્મક સંબંધોની ચર્ચા કરી.'' યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા ટેમી બ્રુસ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ઉપવિદેશ મંત્રીએ આતંકવાદ સામેની લડાઈમાં ભારતને અમેરિકાના મજબૂત સમર્થનની પુષ્ટિ કરી. બંને પક્ષોએ પરસ્પર હિતના ક્ષેત્રોમાં સહયોગ વધારીને દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવાના મહત્વ પર પણ વ્યાપક વાટાઘાટો કરી હતી. પ્રતિનિધિમંડળે સેનેટ ફોરેન રિલેશન્સ કમિટીના સભ્ય સેનેટર ક્રિસ વાન હોલેનને પણ મળ્યા અને તેમને પાકિસ્તાનમાંથી ઉદ્ભવતા આતંકવાદના ખતરા વિશે માહિતી આપી, જેનાથી ભારત અને અમેરિકા બંનેને અસર થઈ છે. સેનેટરએ ભારતમાં વારંવાર થયેલા આતંકવાદી હુમલાઓના ભોગ બનેલા લોકો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી અને કહ્યું કે આતંકવાદ સામેની લડાઈમાં અમેરિકા ભારતની સાથે છે અને નવી દિલ્હીના સ્વ-બચાવના અધિકારને સમર્થન આપે છે.











# દેશમાં કોરોનાના કેસ ૫૦૦૦ ને પાર, ૨૪ કલાકમાં ૪ લોકોના મોત

નવીદિલ્હી, તા.૭

ભારતમાં ફરી એકવાર કોરોનાના કેસ વધવા લાગ્યા છે. સમગ્ર ભારતમાં કોરોનાના કેસની સંખ્યા ૫,૦૦૦ ને વટાવી ગઈ છે. રાજ્ય સરકારોએ કોરોના અંગે સલાહ આપવાનું શરૂ કર્યું છે. કેન્દ્રએ સુવિધા-સ્તરની તૈયારીનું મૂલ્યાંકન કરવા માટે મોકડ્રિલ પણ હાથ ધરી છે. ભારતમાં હાલમાં કોરોનાના ૫,૩૬૪ સક્રિય કેસ છે. શુક્રવાર સુધીમાં, છેલ્લા ૨૪ કલાકમાં ચાર નવા મૃત્યુ નોંધાયા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના ડેટા અનુસાર, કોરોનાની દ્રષ્ટિએ કેરળ સૌથી વધુ અસરગ્રસ્ત રાજ્ય રહ્યું છે. તે પછી ગુજરાત, પશ્ચિમ બંગાળ અને દિલ્હીનો ક્રમ આવે છે. છેલ્લા ૨૪ કલાકમાં કેરળમાં કોરોનાના ૧૯૨ નવા કેસ નોંધાયા છે. ગુજરાતમાં ૧૦૭ કોરોના કેસ, પશ્ચિમ બંગાળમાં ૫૮ અને દિલ્હીમાં ૩૦ કોરોના કેસ નોંધાયા છે. દેશભરમાં કોરોના ચેપના ૪૯૮ નવા કેસ નોંધાયા છે. દિલ્હીમાં કોરોના ચેપના ૩૦ નવા કેસ નોંધાયા છે. દિલ્હીમાં કોરોનાના સક્રિય કેસની સંખ્યા વધીને ૫૯૨ થઈ ગઈ છે. ૧ જાન્યુઆરીથી દિલ્હીમાં કોરોનાને કારણે સાત મૃત્યુ નોંધાયા છે.



















# ભાવનગર-સોમનાથ હાઈવે પર મધરાતે સાવજ નીકળતા વાહનોના પૈડા થંભી ગયા

રાજુલા, તા.૦૭

રાજુલા-જાફરાબાદ વિસ્તારમાં ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર ગત રાત્રિના સમયે એક અસામાન્ય ઘટના બની હતી. વિકટર નજીક ૨થી ૩ સિંહ અચાનક હાઈવે પર આવી જતાં વાહનચાલકોમાં ગભરાટ ફેલાયો હતો. વાહનચાલકોએ સમયસૂચકતા વાપરીને બ્રેક મારતાં મોટી દુર્ઘટના ટળી હતી. ગુજરાતમાં અમરેલી જિલ્લો સૌથી વધુ સિંહની વસ્તી ધરાવે છે. આ વિસ્તારમાંથી પસાર થતા નેશનલ હાઈવે પર ૨૪ કલાક વાહનોની અવરજવર રહે છે. સિંહોના હાઈવે ક્રોસિંગના આ બનાવનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. વાહનોથી ધમધમતા હાઈવે પર



સિંહોના રોડ ક્રોસિંગ દરમિયાન અકસ્માતનું જોખમ રહે છે. વન્યજીવ નિષ્ણાતો અને સ્થાનિક લોકો સિંહોની સુરક્ષા માટે યોગ્ય પગલાં લેવાની માંગ કરી રહ્યા છે. જોકે રાજુલા તાલુકામાં અવારનવાર અકસ્માતની ઘટનાઓ તો બને જ છે. બે દિવસ પહેલા જાફરાબાદ તાલુકાના દુધાળા બ્રિજ નીચે સર્વિસ રોડ પર અજાણ્યા વાહનની અડફેટે દીપડાના બચ્ચાનું અકસ્માતમાં મોત થયું હતું.

# બગસરામાં રખડતાં ઢોરના ત્રાસના કારણે ટ્રાફિકની સમસ્યા અને અકસ્માતનો ભય વ્યાપ્યો

બગસરા,તા.૦૭

બગસરામાં દિવસેને દિવસે રખડતાં ઢોરનો ત્રાસ વધી રહ્યો છે. રસ્તા બ્લોક થઈ જાય છે અને રસ્તા પર ઝઘડતા રેઢિયાળ ઢોર ક્યારેક કોઈનો જીવ લે તે પહેલાં તંત્ર તે મુદ્દે કોઈ કાર્યવાહી કરે તેવી લોકોમાં માંગ ઉઠી છે. મળેલી વિગત અનુસાર આ ઢોરમાંથી બધા રેઢિયાળ નથી



તસવીર : હાર્દિક બામટા

હોતા આમાંથી ઘણા માલિકોના હોય છે. માલિકો પોતાના આ ઢોરને સવારમાં છોડી દે છે તેથી આ ઢોર રસ્તામાં પોતાનો અડિંગો જમાવીને બેઠેલા જોવા મળે છે. બગસરાના નટવરનગર અને શિવાજી ચોક બ્રહ્મસમાજની વાડી જેવા વિસ્તારોમાં આ ઢોર પોતાનો અડિંગો જમાવીને બેસી જાય છે. ત્યાંથી પસાર થતા રાહદારીઓ અને વાહનોને જીવના જોખમે પસાર થવું પડે છે. અનેક રસ્તાઓ પર તો આ પશુઓના ઝઘડાને કારણે વાહનોમાં ભારે નુકસાન થાય છે.

# 'મારે તારી પત્ની સાથે અફેર છે' કહી ગાળો બોલી ઝઘડો કર્યો

રાજુલા, તા.૦૭

રાજુલા પંથકમાં એક યુવક સાથે "મારે તારી પત્ની સાથે અફેર છે" તેમ કહી ગાળો બોલી ઝઘડો કર્યો હતો. બનાવ સંદર્ભે ધારેશ્વર ગામે રહેતા યુવકે રાજુલામાં રહેતા દિપકભાઈ ધાખડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીને તેના પત્ની સાથે પ્રેમ સંબંધ હતો. તેની પત્ની છેલ્લા ત્રણેક મહિનાથી રિસામણે હતી. જે વાતનું મનદુઃખ રાખી આવ્યો હતો અને પોતાની ઓળખાણ આપી મારે તારી પત્ની સાથે અફેર છે તેમ કહી જેમફાવે તેમ ગાળો આપી ઝગડો કર્યો હતો. તેમજ ઝપાઝપી કરી મુંઢ ઈજા કરી અને છરીનો એક ઘા મારી અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી.વી. પલાસ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં નાઈ સમાજ મંડળ દ્વારા ચોપડા વિતરણ અને સ્નેહમિલન સમારોહ યોજાયો

સાવરકુંડલા, તા.૦૭

સાવરકુંડલા ખાતે નાઈ સમાજ મંડળ દ્વારા આયોજિત ચોપડા વિતરણ અને સ્નેહમિલન સમારોહ સફળતાપૂર્વક યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં કુલ ૧૨૫ વિદ્યાર્થીઓને ઈનામ કીટ અને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે મોટી



સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા અને ઉદાર હાથે આર્થિક સહાય અર્પણ કરી હતી. કરુણાનંદ શિક્ષણ સમિતિ - સુરત દ્વારા તમામ વિદ્યાર્થીઓને શિલ્ડ એનાયત કરાયા હતા. ગાંધીનગર, અમદાવાદ અને અન્ય જિલ્લાઓમાંથી આવેલા જ્ઞાતિ સમાજના અગ્રણીઓ જેવા કે કે.ટી. ખડદીયા, પારુલબેન બડમલીયા, ધીરુભાઈ રાઠોડ, ધીરુભાઈ મકવાણા, સલખણા અને રાવતભાઈ બડમલીયા સહિતના મહાનુભાવોએ હાજરી આપી હતી.

# મોટી કુંકાવાવ ગામની સીમમાંથી ૬૬ બોટલ દારૂ ઝડપાયો

વડીયા, તા.૦૭

વડીયાના મોટી કુંકાવાવ ગામની સીમમાંથી પોલીસે ૬૬ બોટલ દારૂ ઝડપ્યો હતો. યોગીરાજ ભીખુભાઈ જેબલીયા (ઉ.વ.૨૫)ની વાડીમાંથી વીના પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૬૬ બોટલ દારૂ પકડાયો હતો. પોલીસે કુલ ૨૫,૧૫૬ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરી હતી. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.પી. ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે. ખંભાળા ગામેથી ૭ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૩ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

**પોલીસે કુલ ૨૫,૧૫૬ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી**

# ખાંભા અને લાઠી તાલુકાના ખેડૂતોને વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન અંતર્ગત માર્ગદર્શન અપાયું

અમરેલી,તા.૦૭

ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા પ્રી ખરીફ કેમ્પેઈન અંતર્ગત વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન માટેનો કૃષિ રથ લાઠી તાલુકાના અડતાળા, માલવીયા પીપરીયા, અલી ઉદેપુર, પીપળવા અને ખાંભા તાલુકાના તાંતણીયા, ગીદરડી, ધાવડીયા મુકામે પહોંચ્યો હતો. આ વિકસિત કૃષિ સંકલ્પ યાત્રામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલીના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મીનાક્ષીબેન બારીયાના માર્ગદર્શન



હેઠળ વૈજ્ઞાનિક ડો. નેહા તિવારી, ડો વી.એસ. પરમાર, ડો. એન. એમ. કાછડીયા, ખેતી અધિકારી કવિતા ગઢીયા, સુજીત બારિયા અને યંગ પ્રોફેશનલ પારસ ગજેરા દ્વારા ખેડૂતોને આધુનિક ખેતીની માહિતી તેમજ પ્રાકૃતિક ખેતીનો પ્રચાર પ્રસાર કરવામાં આવે છે.

# સાવરકુંડલાના મમતાઘરનો પ્રથમ વાર્ષિકોત્સવ, ૧૧ જૂને ભવ્ય ઉજવણી થશે

સાવરકુંડલા, તા.૦૭

શહેરની સેવાકીય સંસ્થા મમતાઘરનો પ્રથમ વાર્ષિકોત્સવ આગામી ૧૧ જૂન, ૨૦૨૫ ના રોજ બપોરે ૪ કલાકે અંબિકા સોસાયટી, બાપા સીતારામની મઢુલી પાસે આવેલા મમતાઘર ખાતે ઉજવાશે. મમતાઘર એક વર્ષ પૂર્ણ કરી રહ્યું હોવાથી, અહીં રહેતા બાળકો અને ટ્યુશન ક્લાસના વિદ્યાર્થીઓ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરશે. મમતાઘર બાળકોને તમામ સુવિધાઓ અને નિઃશુલ્ક શૈક્ષણિક ટ્યુશન પૂરું પાડે છે. આ પ્રસંગે પ.પૂ. ઉષામૈયા સહિતના સંતો-મહંતો અને અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. સંચાલક મંજુલાબેન દુધરેજીયાએ બાળકોને પ્રોત્સાહિત કરવા સૌને જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.

# વડીયા-કુંકાવાવ તાલુકામાં સરકારી તંત્ર ઈન્ચાર્જ અધિકારીઓના ભરોસે

વડીયા,તા.૦૭

અમરેલી જિલ્લાના છેવાડાના વડીયા-કુંકાવાવમાં તાલુકા કક્ષાના અધિકારીઓની મોટાભાગની જગ્યાઓ ખાલી હોવાથી હાલ ઈન્ચાર્જમાં તંત્ર ચાલે છે. આ સ્થિતિમાં તંત્રથી રૂટિન કામગીરી થાય છે, કોઈ ખાસ કામ થાય નહિ અને તંત્ર રામભરોસે હોય તેમ ચાલે છે. આથી અનેક ગેરકાનૂની પ્રવૃત્તિઓને મોકળું મેદાન મળે તે સ્વાભાવિક છે. તાલુકાનું મોટાભાગનું ચાર્જમાં ચાલતું તંત્ર અનેક સવાલો ઉભા કરી રહ્યું છે. એક બાજુ કોઈ કાયમી અધિકારીઓની અહીં નિમણૂક થતી નથી તો બીજી બાજુ પેધી ગયેલા કર્મચારીઓની બોલબાલા હોય તેવું વાતાવરણ અહીં જોવા મળે છે. સમગ્ર તાલુકાના ચાર્જમાં ચાલતા તંત્રમાં લાંબા સમયથી ઘણા કર્મચારી અહીં રાજકીય આશીર્વાદથી પોતાની મનમાનીથી તંત્ર ચલાવતા જોવા મળે છે તો બીજી બાજુ ઈમાનદાર અને કર્મઠ કર્મચારીઓ પીસાતા નજરે પડે છે. તેનો ભોગ સ્થાનિક લોકો બની રહ્યા છે. તાલુકાના લોકોની સમસ્યાઓ વધુ ઘેરાતી જાય છે સાથે ભ્રષ્ટાચાર અને લાગવગશાહી પણ માઝા મૂકી રહી છે.

# અમરેલીના મુસ્લિમ વિસ્તારમાં રોડ, આંગણવાડી, બગીચો બનાવવા રજૂઆત

અમરેલી,તા.૦૭

અમરેલીના મુસ્લિમ વિસ્તારમાં રોડ, આંગણવાડી, બગીચા જેવી સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે સ્થાનિક અગ્રણીએ નગરપાલિકામાં રજૂઆત કરી હતી. આવનારા દિવસોમાં મહોરમ આવનાર હોવાથી અમરેલીના મુસ્લિમ વિસ્તારમાં જાવેદખાન પઠાણ દ્વારા નવા રોડ



બનાવી આપવા રજૂઆત કરવામાં આવી હતી. જ્યાંથી તાજીયા નીકળે છે તે તમામ રોડ તૂટી ગયેલ હોય તે બનાવવાની માગણી કરેલ છે. જેમાં જૂની જેલ, આરબવાડા મસ્જિદ, સિપાઈ જમાત ખાના વિસ્તાર, અનેક મુખ્ય રોડ કે જે તૂટી ગયેલ છે અને અનેક એવા પણ રોડ છે જે હજુ નવા બન્યા છે અને તે ગેરંટી પિરિયડમાં તૂટવા લાગ્યા છે તેની તપાસ કરીને તાત્કાલિક એજન્સી પાસે ફરીવાર રોડ બનાવવામાં આવે. સંધી સોસાયટી, બાગે જહેરા, મણિનગર, મીની કસ્બામાં અનેક નવા રોડ હજુ બનાવવાના બાકી હોય તેને પણ તાત્કાલિક બનાવવામાં આવે તેવી માગણી કરવામાં આવી છે. આ ઉપરાંત વોર્ડ નં.૧ અને ૭માં આંગણવાડી, બગીચાની પણ ખુબ જરૂર છે.

# સાવરકુંડલાના જીરા ગામમાં એરટેલના નવા મોબાઈલ ટાવરનો પ્રારંભ કરાયો

સાવરકુંડલા, તા.૦૭

સાવરકુંડલા તાલુકાના જીરા ગામમાં શનિવારે એરટેલનો અત્યાધુનિક મોબાઈલ ટાવર કાર્યરત કરવામાં આવ્યો છે. આ ટાવર જીરા અને આસપાસના વિસ્તારોના હજારો લોકોને નબળા નેટવર્કની લાંબા સમયની સમસ્યામાંથી મુક્તિ અપાવશે.



ગામના સરપંચ દક્ષાબેન ધર્મેશભાઈ ચોડવડીયા અને ગ્રામજનોએ મીઠા મોઢા કરીને ટાવરનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે એરટેલના મેનેજર આશિષભાઈ જાની અને સાવરકુંડલા ડિસ્ટ્રીબ્યુટર પ્રિયંકભાઈ પાંધી સહિતનો સ્ટાફ હાજર રહ્યો હતો. વર્ષોથી, જીરા ગામમાં મોબાઈલ નેટવર્કની સમસ્યાને કારણે ઓનલાઈન શિક્ષણ, બેન્કિંગ અને રોજિંદા સંચારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ નવો ટાવર અવિરત ઈન્ટરનેટ કનેક્ટિવિટી પ્રદાન કરશે.









**વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ**

:: એડ્રેસ :: ગણેશ પાર્ટી પ્લોટ સામે, લાઠી રોડ, અમરેલી.

કાર્યક્ષેત્ર ::- ધો- 9 થી 12 સાયન્સ / કોમર્સ / RENEET

:: શૈક્ષણિક વિશેષતાઓ ::
- હવે અમરેલીના વિદ્યાર્થીઓ પણ (JEE - NEET) Foundation ની તૈયારી કરશે.
- જ્યાં થશે AdvanceMaths - Science, રીઝનિંગ, English અને GK ની અપ ટુ ડેટ Powerful તૈયારી..

મેગા સિટી જેવી આધુનિક Schooling System હવે અમરેલીમાં સૌપ્રથમ વાર...
ધો :- 9 & 10
થી જ JEE - NEET માટે એડવાન્સમાં જ તૈયારી કરાવતી એકમાત્ર સંસ્થા

... સ્કોલરશીપ યોજના ...

| | | |
|---|---|---|
| ધોરણ 8 | 95% ઉપર | 9મું FREE |
| ધોરણ 9 | 95% ઉપર | 10મું FREE |

ધો. 8 - 9 માં 80% ઉપર મેળવનાર વિદ્યાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષા આપી 50 માંથી મેળવેલ ગુણના આધારે સ્કોલરશીપ મેળવી શકશે.

#કન્યાકેળવણી અંતગર્ત તમામ દીકરીઓને 25% ફી માફી...
સિલેબસ 50 હેતુલક્ષી પ્રશ્નો:- 15 MATHS + 15 SCI. + 10 ENG. + 10 S.S.

કૃણાલ ધોળકીયા – Maths ,M.Sc., B.Ed. અનુભવ 10 વર્ષ
96645 82254/95863 68637
પંડ્યા મનોજભાઇ – Science ,M.Sc., B.Ed. અનુભવ 14 વર્ષ

ધો.11-12 કોમર્સ હવે વિદ્યાગુરૂ માં...
- Smart Board ધરાવતા ક્લાસ...
- અમરેલીના ખ્યાતનામ ધુરંધર અનુભવી શિક્ષકોની ટિમ.

ADMISSION OPEN - 2025
ધોરણ 11 થી જ CA,CS & CMA FOUNDATION ની તૈયારીઓ કરાવતી સંસ્થા..
ધો-10 માં A1 અને A2 ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓને ફી માફી મળશે...
#કન્યાકેળવણી અંતગર્ત તમામ દીકરીઓને 25% ફી માફી...
ભાઈઓ-બહેનો માટે શ્રેષ્ઠ હોસ્ટેલ તથા City વાહન સુવિધા ઉપલબ્ધ
93287 12928 / 76 220 220 86


# લીલીયા મોટા ખાતે રત્નકલાકાર પરિચય કાર્ડનું વિતરણ શરૂ : ધારાસભ્ય મહેશ કસવાલાના હસ્તે શુભારંભ

લીલીયા, તા.૦૭



લીલીયા મોટાના દિલીપભાઈ સંઘાણી સહકાર ભવન ખાતે વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરીને રત્નકલાકાર પરિચય કાર્ડ વિતરણનો વિધિવત શુભારંભ કરવામાં આવ્યો હતો. આ તકે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને ડાયમંડ એસોસિએશનના પ્રમુખ ભુપતભાઈ ધામત દ્વારા વિસ્તારના તમામ રત્નકલાકાર ભાઈઓને વધુમાં વધુ કાર્ડ કઢાવીને પોતાની ઓળખ આપવા આગ્રહ કરાયો હતો. આ પ્રસંગે જિલ્લા ડાયમંડ એસોસિએશનના પ્રમુખ લલિતભાઈ ઠુંમર, કાળુભાઈ સુવાગીયા, ભુપતભાઈ ધામત, પ્રગતિ બેન્કના વાઈસ ચેરમેન પ્રકાશભાઈ વિરાણી, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, ગૌતમભાઈ વિછીયા, કાનજીભાઈ નાકરાણી, સરપંચ જીવનભાઈ વોરા, ભનુભાઈ ડાભી, મનુભાઈ ડાવરા, ડો. કુંભાણી, ખોડાભાઈ માળવિયા, પરીન સોની તેમજ લીલીયા ડાયમંડ એસોસિએશનના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જીગ્નેશભાઈ સાવજ દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે કાર્યક્રમની આભારવિધિ ભરતભાઈ ગરાણીયા દ્વારા કરવામાં આવી હતી.

# રાજુલામાં ડીઝલ ચોરીનું કૌભાંડ ઝડપાયું : અમર હોટલમાંથી રૂ.૧૮,૦૦૦ થી વધુનો મુદ્દામાલ જપ્ત, ત્રણ આરોપીઓ ઝડપાયા

રાજુલા, તા.૦૭



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા પોલીસે સાવરકુંડલા રોડ પર આવેલી અમર હોટલ ખાતેથી ડીઝલ ચોરી કરતા ત્રણ ઈસમોને ઝડપી પાડી, ડીઝલના જથ્થા સહિત કુલ રૂ.૧૮,૨૬૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ૫ જૂન, ૨૦૨૫ના રોજ રાત્રિના સમયે રાજુલા પોલીસ સ્ટેશનની ટીમ રાજુલા-સાવરકુંડલા હાઈવે પર પેટ્રોલિંગ કરી રહી હતી. તે દરમિયાન ખાનગી રાહે બાતમી મળી હતી કે મોટા આગરીયા ગામથી આગળ આવેલી અમર હોટલ ખાતે ડીઝલ ચોરીની પ્રવૃત્તિ ચાલી રહી છે. આ હકીકતના આધારે પોલીસે તાત્કાલિક સ્થળ પર જઈ તપાસ કરતા, અમર હોટલ ખાતેથી ત્રણ ઈસમો ડીઝલના જથ્થા સાથે મળી આવ્યા હતા. પોલીસ તપાસમાં બહાર આવ્યું કે, હોટેલ માલિક અને અન્ય એક ઈસમ મળીને ટ્રક ડ્રાઈવરો પાસેથી સસ્તા ભાવે ડીઝલ મેળવતા હતા અને તેને ગેરકાયદેસર રીતે બજારમાં વેચીને ડીઝલ ચોરીનું રેકેટ ચલાવતા હતા. પોલીસે આ ત્રણેય ઈસમો પાસેથી કુલ ૨૦૦ લીટર ડીઝલ, જેની કિંમત આશરે રૂ.૧૮,૦૦૦/- થાય છે, તે ઉપરાંત પ્લાસ્ટિકના બેરલ અને કેપ્સ્યુલ સહિત કુલ રૂ. ૧૮,૨૬૦/- નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે રાજુલા પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કેસમાં ત્રણ આરોપીની ધરપકડ કરવામાં આવી છે જેમાં મુન્નાભાઈ જીલુભાઈ ભુકણ, જગદીશભાઈ ઉર્ફે મયુર પરશોતમભાઈ મકવાણા અને મુકેશભાઈ જીવનભાઈ ગુજરીયા વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# રાજુલામાં નગરપાલિકા દ્વારા પર્યાવરણ દિન નિમિત્તે વૃક્ષારોપણ કરાયું

રાજુલા, તા.૦૭



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલામાં વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. શહેરના મારુતિધામ મંદિર પાછળ નગરપાલિકા દ્વારા સખીમંડળની બહેનોએ જહેમત ઉઠાવીને વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કર્યું હતું, જેમાં પાલિકાના સદસ્યો જોડાયા હતા અને "એક પેડ મા કે નામ"ની નેમ સાથે વૃક્ષારોપણ થયું હતું. આ તકે, રાજેશભાઈ ઝાંખરા, પરાગભાઈ જોષી, સદસ્ય અર્ચનાબેન જોષી, રીવાબા તથા શહેરમાંથી આશિકભાઈ મુની, આરીફભાઈ રૂપાણી, પૂર્વ નગરપાલિકા પ્રમુખ ચિરાગ બી. જોષી જોડાયા હતા.

# જિલ્લા સહકારી સંઘ દ્વારા અમરેલી, લાઠી, લીલીયા અને ખાંભા ખાતે વૃક્ષારોપણ કરાયું

અમરેલી, તા.૦૭




આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ ૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે પાંચ જૂનના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ સંઘ દ્વારા અમરેલી લાઠી રોડ, અમરેલી ભોજલીયા હનુમાન મંદિર, અમરેલી નવરત્ન મહાદેવ મંદિર, લાઠી, લીલીયા અને ખાંભા ખાતે વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંઘના ડાયરેક્ટર અરુણભાઈ પટેલ, જયભાઈ મસરાણી, અંબરીશભાઈ જોષી, રવિભાઈ પંડ્યા, રાજભાઈ જાની, નિખિલભાઈ પટેલ, રોમીલભાઈ કોટડિયા, ધર્મેશભાઈ સોની, લાઠી નગરપાલિકા પ્રમુખ ચેતનભાઈ જમોડ, અનિલભાઈ નાંઢા, લાઠી નગરપાલિકાના સદસ્યો, લીલીયા ક્રેડિટ કો-ઓપરેટિવ સો. ના અધ્યક્ષ મગનભાઈ વીરાણી, ડાયરેક્ટર મનસુખભાઈ ચોપડા, રેન્જ ફોરેસ્ટ ઓફિસર બી.જે. ગેલાણી, પૂર્વ સરપંચ ધીરુભાઈ ઉપરેઠિયા, નવરત્ન મહાદેવ મંદિરના પૂજારી બાબુદાદા, સંઘના એક્ઝિક્યુટિવ ભાર્ગવ ત્રિવેદી, સી.ઈ.આઈ. સાગર મહેતા, લુણીધારના સરપંચ રાજેશભાઈ દામોદરા, ઉપસરપંચ કિરીટભાઈ સરધારા, ગ્રામજનો, સહકારી અગ્રણીઓ અને કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.

## અવસાન નોંધ

**કોડીનાર**

મૂળ મોટી ફાફણી નિવાસી હાલ કોડીનાર જયાબેન નાનાલાલ સુબાના (ઉ.વ ૮૫)નું તા.૬ના રોજ દુઃખદ અવસાન થયું છે. તે નાનાલાલ કાલિદાસ સુબાના પત્ની તથા વિનોદભાઈ (કરિયાણા વાળા વેલણ), મનોજભાઈ, કંચનબેન કાનાબાર (ડોળાસા), બીનાબેન છગ (પ્રાંચી) અને નીતાબેન માખેચા (કામરેજ)ના માતા તેમજ જેન્તીભાઇ સુબા મહેતાજી, હરેશભાઈ સુબા કેસરિયાના કાકી તથા ગોરધનભાઈ ઓધવજી તન્ના મોટી ફાફણી વાળાના પુત્રી થાય છે.

## નામ બદલાવેલ છે

આથી હું સોગંદપૂર્વક જણાવું છું કે મારૂ જૂનું નામ, **સોરઠિયા સંગીતાબેન મુકેશકુમાર** હતું જે તેમાંથી બદલાવી નવું નામ **તારપરા સંગીતાબેન ઘનશ્યામભાઈ** રાખેલ છે. હવેથી હું **તારપરા સંગીતાબેન ઘનશ્યામભાઈ** નામથી ઓળખાઈશ તેની સર્વોએ નોંધ લેવી.

**તારપરા સંગીતાબેન ઘનશ્યામભાઈ**

સરનામું : બ્લોક -૧૮, કે કે પાર્ક સોસાયટી, વૃંદાવન સોસાયટીની પાસે, લાઠી રોડ,અમરેલી, ગુજરાત ૩૬૫૬૦૧

# અમરેલી જિલ્લામાં વિશ્વ પર્યાવરણ દિવસ અંતર્ગત ૩,૪૪૫ વૃક્ષોનું વાવેતર કરાયું

અમરેલી, તા.૦૭



વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે, અમરેલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ૫ જૂનના રોજ એક જ દિવસમાં ૩,૪૪૫ વૃક્ષો વાવીને હરિત કવચ વધારવાની દિશામાં કાર્ય કરવામાં આવ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડયાના માર્ગદર્શન હેઠળ મનરેગા યોજના અંતર્ગત "એક પેડ મા કે નામ" અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન હેઠળ, અમરેલી જિલ્લાના ૧૧ તાલુકાના ૬૦૫ ગામોમાં ૩૦ જૂન સુધીમાં કુલ ૨૫,૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવાનું આયોજન છે. વૃક્ષારોપણની કામગીરીમાં ગ્રામજનોને પણ જોડવામાં આવી રહ્યા છે, જેથી વાતાવરણમાં ગરમીનું પ્રમાણ ઘટે, હરિયાળી વધે અને વરસાદનું પ્રમાણ વધે. આનાથી જમીનનું ધોવાણ પણ અટકશે અને લોકોમાં વૃક્ષોના જતન અને ઉછેર પ્રત્યે જાગૃતિ આવશે. જિલ્લા વિકાસ અધિકારીએ આગામી પેઢી માટે ગામોને હરિયાળા બનાવવાનું આહ્વાન કર્યું છે.

# અમરેલીની સહકારી સંસ્થાઓ દ્વારા 'એક પેડ મા કે નામ' થીમ હેઠળ ૨૫,૦૦૦ વૃક્ષોનું વાવેતર કર્યું

અમરેલી, તા.૦૭



આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ-૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે અને વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે, અમરેલી જિલ્લાની સહકારી સંસ્થાઓએ પર્યાવરણ સંરક્ષણ માટે પ્રેરણાદાયી પહેલ કરી છે. જિલ્લા સહકારી મંડળી રજિસ્ટ્રાર દ્વારા જારી કરાયેલી યાદી મુજબ, એક જ દિવસમાં જિલ્લાભરમાં કુલ ૨૫,૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. 'એક પેડ મા કે નામ' થીમ હેઠળ આયોજિત આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક સાથે સંકળાયેલી સેવા સહકારી મંડળીઓ, જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ સાથે સંકળાયેલી દૂધ મંડળીઓ, જિલ્લા સહકારી સંઘ અને જિલ્લાની તમામ બજાર સમિતિઓના વેપારીઓ અને ખેડૂતો ઉત્સાહભેર જોડાયા હતા. આ સામૂહિક પ્રયાસ પર્યાવરણ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને સહકારી ભાવનાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.


અમરેલીના અતિ વિકસિત એવા ૪-લેન લીલીયા રોડ ઉપર
ફક્ત ૩૫ મકાનની પેક સોસાયટી
3BHK બંગલો
સેમ્પલ હાઉસ તૈયાર છે.



રાધેશ્યામ નગરી – સિમંધર સોસાયટીની બાજુમાં, લીલીયા રોડ, અમરેલી
રૂા.૧,૮૦,૦૦૦/- ની સબસીડી મળવાપાત્ર
ઉપલબ્ધ સુવિધાઓ
● પાણી, સ્ટ્રીટલાઇટ, ડ્રેનેજ તથા ૨૫-ફુટનો ઇન્ટરનલ રોડની ઉતમ સુવિધા સાથે ● સ્ટાન્ડર્ડ કંપનીના પાઇપ ફીટીંગ તથા મોડયુલર સ્વીચ બોર્ડ અને ઇલેક્ટ્રીક વાયરીંગ ● ટાઇટલ કલીયર અને લોનેબલ ● SBI અને બેંક ઓફ બરોડાની લોન મળવાપાત્ર
સંપર્ક: મો. ૭૦૧૬૨ ૩૦૦૨૧, ૮૭૨૩૦ ૭૪૦૮૯

નિત્યા સ્કીન ક્લિનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

ડો. જુહી ઠક્કર – M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

ડો. પ્રતિક પ્રજાપતિ – M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઇટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# અમરેલી જિલ્લામાં ભીમ અગિયારસ પર ૨૩ જગ્યાએથી શકુની ઝડપાયા

અમરેલી, તા.૭

અમરેલી જિલ્લામાં ભીમ અગિયારસ પર વિવિધ જગ્યાએથી ૨૩ શકુની ઝડપાયા હતા. દામનગરમાંથી પાંચ ઈસમો રોકડા ૧૦,૫૨૦ સાથે, લાઠીના સુવાગઢ ગામેથી ચાર ઈસમો રોકડા ૧૧,૨૦૦ સાથે, જાફરાબાદમાં ચાર શખ્સો રોકડા ૧૪૨૦ સાથે, ખીચરી ગામમાં નદીમાં ગધેચા ઘુના પાસેથી છ ઈસમો રોકડા ૧૦,૪૦૦ સાથે ઝડપાયા હતા. રોહીસા ગામેથી ચાર ઈસમો રોકડા ૧૮૨૦, ચલાલા જીઈબી પાસે ખળાવડની બાજુમાં ખુલ્લી જગ્યામાંથી છ ઈસમો રોકડા ૧૧,૯૩૦ સાથે, ચલાલા ધારી રોડ રેલવે ફાટક પાસેથી ૯ ઈસમો રોકડા ૧૨,૭૭૦ સાથે, મોટા જીંજુડા ગામના બસ સ્ટેન્ડ પાસેથી ત્રણ ઈસમો રોકડા ૧૩,૪૦૦ સાથે, નવાગામ (જાંબુડા)ની સીમમાંથી ૧૨ શખ્સો રોકડા ૧૬,૩૩૦ સાથે પકડાયા હતા. પીઠવડી ગામેથી સાત ઈસમો રોકડા ૩૪,૯૭૦ સાથે પકડાયા હતા, જ્યારે ત્રણ શખ્સો ફરાર થઈ ગયા હતા. કરિયાણા ગામે દેરડ જવાના રસ્તે શિતળાઈમા વાળી સીમમાંથી ૧૩ શખ્સો રોકડા ૨૦,૫૯૦ સાથે પકડાયા હતા. સાવરકુંડલામાં મહુવા રોડ રાજધાની હોટલ પાસે ચાર શખ્સો રોકડા ૧૦,૨૯૦ સાથે મળ્યા હતા. સાવરકુંડલામાંથી બે શખ્સો રોકડા ૧૦,૧૧૦ સાથે ઝડપાયા હતા, જ્યારે ત્રણ શખ્સો ફરાર થઈ ગયા હતા. આ સિવાય સાવરકુંડલામાંથી છ ઈસમો રોકડા ૧૧,૩૬૦ સાથે પકડાયા હતા. અનિડા વાળાની વાદળીયા હનુમાનજીની સીમ તરીકે ઓળખાતી વાડી/ખેતરે આવતા તેની ઓરડીની બાજુમાં નાઈટ લેમ્પના અજવાળે જાહેરમાં જુગાર રમતાં ૧૨ ઈસમો ૩,૭૦,૫૯૦ રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. ડેડાણ ગામે મફતપરા વિસ્તારમાં આવેલ ધનજીભાઈ રસાભાઈ મકવાણાના રહેણાંક મકાન પાસે જાહેર જગ્યામાં ૫ ઈસમો રોકડા ૧૩,૩૦૦ સાથે પકડાયા હતા, જ્યારે ૯ શખ્સો ભાગી ગયા હતા. સરકારી પીપળવા ગામે પીપળવા ગામની ગળધરા નામે ઓળખાતી સીમે જાહેર જગ્યામાંથી સાત ઈસમો રોકડા ૧૧,૨૦૦ સાથે પકડાયા હતા. અડતાળા ગામે બીડ નામની સીમમાં રાજુભાઈ ગીરધરભાઈ ગોઠડીયાની વાડીના શેઢા પાસે લાઈટના અજવાળે જાહેર જગ્યામાં જુગાર રમતાં ચાર ઈસમો ૧૭,૪૨૦ સાથે પકડાયા હતા, જ્યારે અન્ય ઈસમો નાસી ગયા હતા. હરસુપર દેવળીયા ગામે વાસમાં ચામુંડા માતાજીના મંદિર પાસે શેરીમાં ૯ ઈસમો રોકડા ૧૧,૨૩૦ સાથે પકડાયા હતા.

# સાવરકુંડલામાં 'વુમન ફોર ટ્રી' અભિયાન અંતર્ગત ધારાસભ્ય મહેશ કસવાલા દ્વારા વૃક્ષારોપણ

સાવરકુંડલા, તા.૦૭



વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે સાવરકુંડલા નગરપાલિકા અને માર્કેટિંગ યાર્ડ દ્વારા 'વુમન ફોર ટ્રી' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'એક પેડ મા કે નામ' અભિયાન દ્વારા દેશવાસીઓને પર્યાવરણ જાળવણીમાં જોડ્યા છે. ગુજરાતે આ અભિયાન હેઠળ ૧૭.૪૮ કરોડ રોપા વાવીને દેશમાં દ્વિતીય સ્થાન મેળવ્યું છે. આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, માર્કેટિંગ યાર્ડ ચેરમેન દિપકભાઈ માલાણી સહિત અનેક મહાનુભાવો અને સ્થાનિક નાગરિકોએ ભાગ લીધો હતો.

# દિલીપ સંઘાણીની સહકારી યુનિ.માં વરણી થતાં કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા અભિવાદન

રાજુલા, તા.૦૭



ગુજરાતના જાણીતા સહકારી આગેવાન દિલીપભાઈ સંઘાણી તાજેતરમાં ત્રિભુવન સહકારી યુનિવર્સિટીના બોર્ડ ઓફ ડિરેક્ટર તરીકે ભારત સરકાર દ્વારા નિમણૂક પામ્યા છે. અમરેલી મુલાકાત દરમિયાન કાઠી ક્ષત્રિય સમાજના આગેવાનો મનુભાઈ ધાખડા, મંગળુભાઈ ખુમાણ, ધીરુભાઈ વાળા, તખુભાઈ સાંડસુર અને બાબાભાઈ કોટીલા દ્વારા તેમનું સન્માન અને અભિવાદન કરવામાં આવ્યું હતું. કાઠી સમાજે ભારત સરકારના આ નિર્ણયને આવકાર્યો છે અને સહકારી ક્ષેત્રે સંઘાણીના યોગદાનને વખાણ્યું છે.

# વાંકીયા ગામે પત્નીના ચારિત્ર પર શંકા રાખી પતિએ જ હત્યા કરી હોવાનો ખુલાસો

**મૃતકના પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી**

**વાંકીયા ગામની સીમમાં બનાવ બન્યો**

અમરેલી, તા.૭

વાંકીયા ગામની સીમમાં વાડીએ રહેતી એક પરપ્રાંતીય યુવતીનું ગળું દબાવીને મોત નિપજાવવામાં આવ્યું હતું. બનાવ સંદર્ભે મૃતકના પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુરના ભાભરા તાલુકાના અમનકુવા કંચનાગલી ફળીયાના રહેવાસી મંગલીયાભાઈ લચ્છુભાઈ વસુનીયા (ઉ.વ.૪૨)એ જાહેર કર્યા મુજબ સંજયભાઈ અનેસિંગભાઈ મોહનીયાએ તેમની દીકરી રેખાબેન (ઉ.વ.૨૦) ઉપર બીજા કોઈ પુરુષ સાથે વાત કરતી હોવાની શંકા વહેમ રાખી ગળું દબાવી મોત નિપજાવ્યું હતું. ઘટના સમયે પોલીસે મૃતદેહ જોતા મૃતકના શરીર પર કેટલાક નિશાન મળી આવ્યા હતા. જેથી લાશનું પેનલ પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. બીજી તરફ મૃતક રેખાના પિતાએ પોતાના જમાઈ સંજય પર શંકા વ્યક્ત કરીને પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પૂછપરછ કરતા આરોપીએ પોતાનો ગુનો કબૂલતા જણાવ્યું હતું કે, મારી પત્ની અન્ય પુરુષ સાથે વાત કરતી હોવાની શંકાથી મેં જ મારી પત્નીનું ગળું દબાવીને હત્યા કરી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ ઓ.કે. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભાના જામકા ગામે સગીરાને પરેશાન કરતા અનાજમાં નાખવાના ટીકડા પીધા

ખાંભા, તા.૭

ખાંભાના જામકા ગામે સગીરાને પરેશાન કરતાં અનાજમાં નાખવાની ટીકડા પીધા હતા. બનાવ સંદર્ભે સગીરાની માતાએ વનરાજભાઈ ભોળાભાઈ ચૌહાણ તથા ભોળાભાઈ નાનજીભાઈ ચૌહાણ સાથે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપી તેમની પુત્રીને તેની સાથે ભાગી જવા પરેશાન કરતો હતો. જ્યારે તેના દીકરાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમની દીકરી વાડી-ખેતરેથી પરત આવતી હતી ત્યારે પીછો કરી તેની સાથે જવાની ધમકી આપી હતી. અવારનવાર પરેશાન કરતો હતો, જેથી તેને લાગી આવતાં પોતાની મેળે અનાજમાં નાખવાના ટીકડા પી લીધા હતા. ખાંભા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ આર.જી. ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરા નગરપાલિકા દ્વારા 'વુમન ફોર ટ્રી' કાર્યક્રમ અંતર્ગત મહિલાઓના હસ્તે વૃક્ષારોપણ કરાયું

અમરેલી, તા.૦૭



વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે બગસરા નગરપાલિકા દ્વારા એક અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. 'વુમન ફોર ટ્રી' થીમ અંતર્ગત મહિલાઓના હસ્તે શહેરના નટવરનગર વોટર સમ્પ પ્લાન્ટ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકારના મિશન અમૃત ૨.૦ અને DAY-NULM મિશન હેઠળ ગુજરાત શહેરી આજીવિકા મિશનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં સખીમંડળની બહેનો અને નગરપાલિકાના કર્મચારીઓએ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા અને તેનાથી થતા નુકસાન વિશે નાગરિકોને માર્ગદર્શન આપ્યું હતું. પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગને રોકવા માટે વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. બગસરા નગરપાલિકા પ્રમુખ જ્યોત્સનાબેન એ. રીબડીયા અને ચીફ ઓફિસર દિલીપભાઈ એન. હુણના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. જેમાં નગરપાલિકાના સદસ્યો, અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# એડવોકેટ જે.આર. વાળાની દલીલો ગ્રાહ્ય : રાજકોટમાં હથિયાર કેસમાં આરોપીનો નિર્દોષ છૂટકારો

રાજકોટ, તા.૦૭

રાજકોટ ખાતે નોંધાયેલા ગુના અંતર્ગત પરવાના વગર હથિયાર રાખવાના કેસમાં આરોપી ઉદયભાઈ ખુમાણને કોર્ટ દ્વારા નિર્દોષ છૂટકારો અપાયો છે. પોલીસે તપાસ બાદ આરોપી વિરુદ્ધ ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી હતી, જેમાં ફરિયાદી, પંચો, સરકારી સાક્ષીઓ અને તપાસ અધિકારીઓની સઘન પૂછપરછ બાદ પુરાવાઓના અભાવે કોર્ટએ આરોપીનો છૂટકારો કર્યો હતો. પ્રતિનિધિત્વ એડવોકેટ જે.આર. વાળાએ કર્યું હતું.

# લાઠીના યુવાન સૈનિક ધ્રુવ કટિયાનું વતનમાં ભવ્ય સ્વાગત કરાયું

લાઠી, તા.૦૭



વીર હમીરસિંહ ગોહિલની ધરતી લાઠી ખાતે સૈન્યની તાલીમ પૂર્ણ કરી વતન પરત ફરેલા યુવાન સૈનિક ધ્રુવ હસમુખભાઈ કટિયાનું શહેરીજનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ટ્રેનિંગ પૂર્ણ કરીને પરત ફરેલા ધ્રુવ કટિયાનું લાઠી શહેરની જનતા દ્વારા ભવાની સર્કલ, ચાવંડ દરવાજા અને મુખ્ય બજારમાં ઢોલ-નગારા સાથે ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું. યુવાન સૈનિકના સ્વાગત માટે લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. આ પ્રસંગે રાજકીય અને સામાજિક અગ્રણીઓ તેમજ વેપારીઓ સહિતના લોકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: બારસ
તા. ૦૮-૦૬-૨૦૨૫, રવિવાર, સૂર્યોદય-૦૫:૨૨,
સૂર્યાસ્ત-૦૭:૧૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: સ્વાતિ

## દૈનિક રાશિફળ

તા.૦૮-૦૬-૨૦૨૫ રવિવાર

મેષ: પરિવારમાં કોઈ શુભ કામનું આયોજન કરવામાં આવે તેવી સંભાવના છે. લગ્ન કરવા માગતા વ્યક્તિની વાત આગળ વધી શકે છે.

વૃષભ: આજે સખત મહેનતની સ્થિતિ ઓછી રહેશે, તેનાથી વિપરિત મહત્વાકાંક્ષા વધારે રહેશે. નાની બાબતોમાં ઘરનું વાતાવરણ ઉગ્ર બની શકે છે.

મિથુન: લાંબા સમયથી મિત્ર સાથેનો તણાવ સમાધાનના સ્તરે સમાપ્ત થશે. તમને આમાં રાહત મળશે ત્યાં તો કોઈ ઉપયોગી વ્યક્તિનો તમારા જીવનમાં પાછા આવવાનો આનંદ પણ રહેશે.

કર્ક: આજીવિકાના ક્ષેત્રમાં તમારા અનુભવને અન્ય લોકો પણ જાણવા લાગ્યા છે, થોડા દિવસો પછી નવી તકો પણ મળી શકે છે.

સિંહ: આજે દરેક કાર્યમાં વિજયનો દિવસ રહેશે, પરંતુ આ સમય માટે યોગ્ય રીતે ઉપયોગ કરવો પડશે. પિતાના માર્ગદર્શનથી ઘરની સમસ્યાઓ ઉકેલાશે.

કન્યા: તમારા મતે કાર્યકારી વાતાવરણમાં સુધારો થશે અને સાથીદારોના સહયોગથી પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થશે. આરોગ્ય સારું રહેશે, છતાં ભીડવાળી જગ્યાઓ પર જવાનું ટાળો.

તુલા: વ્યવસાયમાં અગાઉ લેવાયેલા નિર્ણયો આજે સાર્થક થઈ શકે છે, તેથી નફાની પરિસ્થિતિઓમાં વિકાસ થશે.

વૃશ્ચિક: આજે ભાઇઓ સાથે મર્યાદિત વર્તન કરવું સારું રહેશે, નહીં તો થોડો માનસિક ત્રાસ આવી શકે છે. પારિવારિક વાતાવરણ સામાન્ય રહેશે પરંતુ ખુશીની ક્ષણમાં ઉદાસી રહેશે.

ધન: તમારે વ્યાવસાયિક કાર્યમાં વધુ કામ કરવું પડશે, નહીં તો તમારા હિસ્સાનો બીજાને પણ ફાયદો થઈ શકે છે, બેદરકારી ટાળો.

મકર: આજનો દિવસ સફળ છે, પરંતુ તમારી વાણી અને વર્તનને સંતુલિત રાખવું મહત્વપૂર્ણ છે.

કુંભ: આજે દિવસની શરૂઆતમાં તમે જે કામ ઉત્સાહ સાથે કરશો તે પછી પૂર્ણ થશે. કોઈ માનસિક મૂંઝવણ અથવા ડરને લીધે તમારું સ્વાસ્થ્ય સારું નહીં રહે અને કામ ધીમું પડશે.

મીન: આજનો દિવસ તમારી વિચારસરણીનો બરાબર વિરોધી રહેશે, તમે વિચારશો અને કંઇક જુદું હશે. ધંધામાં જૂની યોજનાઓથી પૈસામાં ફાયદો થશે, પરંતુ નબળા નસીબના કારણે તમને થોડીક અછતનો અનુભવ થશે.

## સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| રાજકોટ | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૨૫૦ | ૧૫૬૫ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૧૮ |
| ઘઉં ટુકડા | ૪૯૨ | ૫૪૫ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૮૮૦ |
| જુવાર પીળી | ૩૫૦ | ૫૦૦ |
| બાજરી | ૩૯૦ | ૪૬૬ |
| તુવેર | ૧૧૪૦ | ૧૨૫૮ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૧૦૦ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૧૯૨૦ |
| અડદ | ૧૨૫૦ | ૧૪૮૪ |
| મગ | ૧૩૧૦ | ૧૬૦૩ |
| વાલ દેશી | ૫૦૦ | ૧૧૦૦ |
| ચોળી | ૧૧૦૦ | ૧૬૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૨૧૩૩ |
| રાજમા | ૧૩૦૦ | ૨૧૦૫ |
| મગફળી જાડી | ૯૫૦ | ૧૧૪૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૫૫૦ |
| તલી | ૧૭૦૦ | ૨૦૫૧ |
| સુરજમુખી | ૭૪૦ | ૧૧૫૦ |
| એરંડા | ૧૧૧૧ | ૧૨૫૦ |
| અજમો | ૯૪૦ | ૧૨૭૦ |
| સુવા | ૧૦૦૦ | ૧૪૧૫ |
| સોયાબીન | ૭૫૧ | ૮૨૦ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૨૫ |
| કાળા તલ | ૨૧૫૦ | ૩૧૪૦ |
| લસણ | ૭૫૦ | ૧૬૦૫ |
| ધાણા | ૧૧૦૦ | ૧૩૭૫ |
| મરચા સુકા | ૪૬૦ | ૧૭૦૦ |
| ધાણી | ૧૧૦૦ | ૧૩૨૫ |
| વરીયાળી | ૯૦૦ | ૧૫૫૦ |
| જીરૂ | ૩૩૫૧ | ૩૮૦૦ |
| રાય | ૧૦૫૦ | ૧૩૦૦ |
| મેથી | ૮૦૦ | ૧૩૦૦ |
| ઇસબગુલ | ૧૧૨૦ | ૧૬૪૦ |
| અશેરીયો | ૧૨૨૫ | ૧૨૨૫ |
| કલોંજી | ૩૦૦૦ | ૪૦૬૦ |
| રાયડો | ૧૦૫૦ | ૧૧૬૦ |
| રજકાનું બી | ૪૩૦૦ | ૫૫૦૦ |
| ગુવારનું બી | ૮૫૦ | ૯૮૦ |

| રાજકોટ (શાકભાજી) | | |
|---|---|---|
| કેરી કાચી | ૧૦૦ | ૪૫૦ |
| લીંબુ | ૩૦૦ | ૧૨૦૦ |
| તરબુચ | ૫૦ | ૧૫૦ |
| બટેટા | ૧૮૦ | ૩૫૧ |
| ડુંગળી સુકી | ૩૧ | ૩૧૦ |
| ટમેટા | ૩૫૦ | ૬૫૦ |
| સુરણ | ૧૪૦૦ | ૨૦૦૦ |
| કોથમરી | ૬૦૦ | ૯૦૦ |
| મુળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૩૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૧૪૦ | ૨૫૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૬૫૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૩૦૦ |
| ચોળાસીંગ | ૯૦૦ | ૧૧૫૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૨૫૦ | ૪૦૦ |
| કારેલા | ૪૦૦ | ૫૫૦ |
| સરગવો | ૨૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૮૫૦ | ૧૩૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૮૦ |
| વટાણા | ૨૦૦૦ | ૨૨૦૦ |
| ગલકા | ૩૩૦ | ૫૫૦ |
| બીટ | ૨૪૦ | ૩૬૦ |
| મેથી | ૧૬૦૦ | ૨૦૫૦ |
| ડુંગળી લીલી | ૭૫૦ | ૧૧૫૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| મકાઇ લીલી | ૧૫૦ | ૩૮૦ |

| બાબરા | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૨૦ | ૧૫૫૭ |
| કપાસ મીડીયમ | ૧૨૧૦ | ૧૪૧૫ |
| મગફળી | ૯૪૦ | ૧૦૯૦ |
| જીરૂ | ૨૮૧૫ | ૩૭૨૫ |
| તલ સફેદ | ૧૫૬૦ | ૧૭૦૦ |
| તલ કાળા | ૨૧૯૦ | ૨૩૫૦ |
| મગ | ૧૨૮૦ | ૧૪૫૦ |
| ઘઉં | ૪૬૮ | ૫૨૨ |

| રાજુલા | | |
|---|---|---|
| શીંગ | ૮૫૦ | ૯૦૦ |
| તલ સફેદ | ૧૩૦૧ | ૧૭૫૧ |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૫૧ |
| બાજરો | ૩૦૦ | ૩૯૬ |
| જુવાર | ૩૫૦ | ૮૦૦ |
| મગ | ૧૩૮૧ | ૧૪૦૦ |
| શીંગદાણા | ૧૬૦૦ | ૧૬૦૦ |

# અમરેલી A.R.T.O. ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક ૯ જૂને ટેકનીકલ કારણોસર બંધ રહેશે

અમરેલી, તા.૦૭

અમરેલી જિલ્લા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, અમરેલી એ.આર.ટી.ઓ. ખાતે કાર્યરત ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક આગામી તા. ૦૯ જૂન, ૨૦૨૫, સોમવારના રોજ બંધ રહેશે. ટેકનીકલ કારણોસર આ દિવસે ડ્રાઈવિંગ ટેસ્ટની કામગીરી સ્થગિત રાખવામાં આવશે.

# ધારીના મોરઝર ગામે મહિલાએ મહિલા સામે ફરિયાદ નોંધાવી

ધારી, તા.૦૭

ધારીના મોરઝર ગામે મહિલાએ મહિલા સામે ફરિયાદ નોંધાવી હતી. ચંપાબેન વાલજીભાઈ સોંદરવા (ઉ.વ.૫૯)એ મણીબેન અરજણભાઈ ચાવડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાના ઘરની ડેલી પાસે ઉભા હતા ત્યારે આરોપી નીકળ્યા હતા. બંને વચ્ચે બોલાચાલી થતા મનફાવે તેમ ગાળો આપી હતી અને લાકડાના બટકા વડે માર માર્યો હતો. જે બાદ મણીબેન અરજણભાઈ ચાવડાએ ચંપાબેન વાલજીભાઈ સોંદરવા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા આરોપી એક શેરીમાં રહેતા હતા. તેના વાડી ખેતરે પશુપાલનનો ચારો લેવા જતા હતા ત્યારે આરોપીએ તેમને કહ્યું કે "મેં મારા ઘરને તાળું માર્યું છે તે તાળું તું તોડી લેજે" તેમ કહેતા બંને સામ-સામે આવી ગયા હતા. તેમને ગાળો દઈ એક લાકડાના બટકાનો ઘા માથાનાં ભાગે માર્યો હતો તથા આડેધડ માર મારવા લાગ્યા હતા.

# ભરતભાઈ ખુમાણની નારી રક્ષા સેનાના ગુજરાત પ્રદેશ પ્રભારી પદે વરણી

અમરેલી, તા.૦૭



નારી રક્ષા સેનાના સંસ્થાપક સેજલબેન બી. સરવૈયા અને રાષ્ટ્રીય પ્રભારી બાલુભાઈ સરવૈયા દ્વારા અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના મોટા આગરિયા ગામના વતની ભરતભાઈ ખુમાણની "નારી રક્ષા સેના"ના ગુજરાત પ્રદેશ પ્રભારી તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેઓ કૈલાસ માન સરોવર મુક્તિ આંદોલનના રાષ્ટ્રીય મહાસચિવ, રાષ્ટ્ર શક્તિ એકતા મંચના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તેમજ રાજુલા તાલુકા ધર્માધાયક પરમ ધર્મ સંસદ ૧૦૦૮ અને અમરેલી જિલ્લા કન્ઝ્યુમર પ્રોટેકશન એનાલિટિક્સ કમિટી "સૌરાષ્ટ્ર કચ્છ ઝોન" જેવી સેવાકીય સંસ્થાઓમાં પણ જોડાયેલા છે.

# અકબરના અત્યાચારો : તાનસેન, તાનારીરી અને બૈજુ


વિચાર વલોણું

જયવંત પંડ્યા




તાજેતરમાં 'લાલભાઈ ટૉપ' (લલ્લનટૉપ) પર સૌરભ દ્વિવેદીએ જાવેદ અખ્તરનો એક ઈન્ટરવ્યૂ કર્યો. ઈન્ટરવ્યૂ કરવા માટે કોઈ બહાનાની આવશ્યકતા હોય છે. એટલે બહાનું કઢાયું કે જાવેદ અખ્તરનું પુસ્તક 'સીપિયાં' પ્રસિદ્ધ થયું છે તેના પર વાત કરીએ. આ પુસ્તકમાં દોહાનો સમાવેશ કરાયો છે.

આ ઈન્ટરવ્યૂ ઑપરેશન સિંદૂરમાં ભારતની અંદર બાંગ્લાદેશીઓ અને પાકિસ્તાન માટે જાસૂસી કરનારાઓને પકડવામાં આવી રહ્યા છે તે પછી થયો છે. એટલે જાવેદ અખ્તરે પાકિસ્તાન વિરુદ્ધ વાત કરવાનો, થોડો હિન્દુઓ તરફી નેરેટિવ આપવાનો પ્રયાસ કર્યો. દા.ત. પાકિસ્તાન એ રીતે અપપ્રચાર કરે છે કે ભારતમાં મુસ્લિમોને હિન્દુઓ તરફથી બહુ ત્રાસ છે. બીજા કોઈ નહીં, શબાના આઝમીને જ મુંબઈમાં મકાન નથી મળતું. (અને આ વાત શબાના ખાતુને જ કરી હતી.)

જાવેદ અખ્તરે કહ્યું કે સિંધી કેમ મુસ્લિમને મકાન આપે? પાકિસ્તાનમાં તેમની ભારે જાહોજલાલી હતી. ઘર હતાં, દુકાનો હતી, પૈસા હતા, સંપત્તિ હતી. અને રાતોરાત તેમને કહી દેવાયું કે અહીંથી તમે ભાગી જાવ, નહીંતર મારી નાખીશું. અને પહેરેલે કપડે, ટ્રેનની છત પર, ટ્રેનની ભોંય પર, જે રીતે ભગાતું હતું તે રીતે તેઓ ભાગ્યા. શું તેમના મનમાં મુસ્લિમો પ્રત્યે રોષ ન હોય?

આથી હિન્દુવાદીઓને આ ક્લિપ બહુ ગમી અને તેઓ વાઈરલ કરવા લાગ્યા. જે રીતે કૉંગ્રેસના 'જમાઈ' રૉબર્ટ વાડ્રાએ સાવ ખોટું કહ્યું કે ભારતમાં મુસ્લિમો પર બહુ અત્યાચાર થાય છે તેથી પહેલગામમાં મુસ્લિમ ત્રાસવાદીઓએ પર્યટકોનો ધર્મ પૂછીને, પેન્ટ ઉતારાવી જનનેન્દ્રિય તપાસી અને કલમા વાંચતા આવડે છે કે નહીં તે જોઈને હિન્દુઓની અને એક ખ્રિસ્તીની હત્યા કરી. આ વાત ખોટી છે. મહેમૂદ ગઝની વખતે કયા મુસ્લિમો પર અત્યાચાર હિન્દુઓએ કર્યો હતો? મોહમ્મદ ઘોરી વખતે કયા મુસ્લિમો પર અત્યાચાર હિન્દુઓએ કર્યો હતો? નરેન્દ્ર મોદી નહોતા બોલ્યા તોય તે વખતે સેક્યુલર મીડિયાએ જૂઠાણું ચલાવ્યું હતું કે ગોધરા કાંડ થાય તો તેના પગલે રમખાણો થાય જ. ન્યૂટનના નિયમ પ્રમાણે ઍક્શનનું રિએક્શન આવે જ. અને તે વખતે મોદીજીની ભારે ટીકા સેક્યુલરોએ કરી હતી. લેખોના લેખો લખાયા હતા. અને હવે આ સેક્યુલરો કહે છે કે ભારતમાં મુસ્લિમો પર અત્યાચાર થાય છે તેથી પહેલગામ આક્રમણ થયું.

એ જ રીતે જાવેદ અખ્તર કહે છે કે સિંધીઓના મનમાં હજુ પર ભારતના વિભાજનનો રોષ છે. તેથી મુસ્લિમોને મકાન નથી આપતાં. આ વાત પણ ખોટો નેરેટિવ ઊભો કરનારી છે જેને હિન્દુઓને જ ફગાવી દેવી જોઈએ. એનું કારણ છે કે ભારતમાં પાકિસ્તાનથી આવેલા શરણાર્થીઓ હિંસક નથી બન્યા. તેમને ભારે અન્યાય થયો. અસ્વીકાર થયો. તેમને પોતાને મકાનો નહોતાં મળતા. પરંતુ સિંધી સહિત આ હિન્દુઓ-શીખોએ પોતાની બુદ્ધિ અને બાવડાના જોરે પ્રગતિ કરી.

જાવેદમિંયા, તમારા ઉર્દૂવૂડમાં જ કેટલાય સિંધીઓ છે, તેના પર દૃષ્ટિ કરજો. અભિનેત્રી સાધના (શિવદાસાણી), બબિતા, રાજકુમાર હિરાણી, યશ જોહર અને તેમના (કુ)પુત્ર કરણ જોહર, રણવીરસિંહ, કિયારા અડવાણી, વિશાલ ડડલાણી, રમેશ સિપ્પી, આફતાબ શિવદાસાણી, અંજના સુખાણી, ગોવર્ધન અસરાની, દિલીપ તાહિલ, પ્રીતિ ઝાંગિયાણી, ટિપ્સવાળા રમેશ તૌરાણી, વાસુ ભગનાની, શત્રુઘ્નસિંહાનાં પત્ની પૂનમ. શું આ બધાંનાં મનમાં મુસ્લિમો પ્રત્યે દ્વેષ છે? ઉલટું રમેશ સિપ્પીની 'શોલે'માં તો તમને પૂરી છૂટ અપાઈ હતી – ભગવાનના મંદિરમાં ભગવાનના નામે ફ્લર્ટિંગની અને મૌલાનાને જ ગામ માટે ત્યાગ કરતા બતાવવાની. એટલે પાકિસ્તાનથી ભાગીને આવેલા સિંધી હોય કે અન્ય હિન્દુ-શીખ, કે અહીં ૧૯૪૬માં 'ડાયરેક્ટ ઍક્શન' અને તે પછી પણ ૧૯૬૯, ૧૯૮૫, ૧૯૯૦, ૧૯૯૩, ૨૦૦૨, ૨૦૦૩, ૨૦૦૮ એમ અનેક 'ડાયરેક્ટ ઍક્શન'માં પોતાનાં સગાં ગુમાવનાર અને ભોગ બનનાર બીજા હિન્દુ-શીખોએ મુસ્લિમો પ્રત્યે દ્વેષ રાખ્યો નથી.

> લાલભાઈ ટોપ (લલ્લનટોપ) પર જાવેદ અખ્તરે એક ઇન્ટરવ્યૂમાં કહ્યું કે અકબર પહેલાં ભારતમાં સેક્યુલરિઝમ નહોતું. જાવેદમિંયાએ એવો ખોટો નેરેટિવ પણ આપ્યો કે તેમનાં પત્ની શબાના આઝમીને સિંધીઓએ એટલા માટે મકાન નહોતું આપ્યું કારણકે પાકિસ્તાનના મુસ્લિમોએ સિંધીઓને ત્યાંથી ભગાડ્યા હતા

ઉલટું, કાશ્મીરથી લઈને કેરાળા, ભાવનગરથી ભરુચ બધેથી લૅન્ડ જિહાદ અને પછી દાદાગીરી જિહાદના લીધે હિન્દુઓને પોતાનાં રહેણાંક ખાલી કરી-કરીને બીજે રહેવા જતા રહેવાની ફરજ પડે છે. વિભાજન જેવી પીડા આજે પણ હિન્દુ વેઠી રહ્યો છે. છતાંય દ્વેષ નથી રાખતો. એક મુસ્લિમના અપકૃત્યની સજા બીજાને નથી આપતો. હા, શબાનાને મકાન નહીં મળ્યું હોય તેનાં અનેક બીજાં કારણો હોઈ શકે. અલગ ખાણીપીણીના કારણે ઘણી વાર ગુજરાતમાં બીજાં રાજ્યોમાંથી આવતા હિન્દુઓને પણ મકાન નથી મળતાં. હિન્દુ કુંવારા નોકરિયાત કે વિદ્યાર્થિનીઓને પણ ભાડે મકાન આપવાની સૉસાયટી ના પાડે છે. એને તમે મઝહબનું નામ આપી દો તે ન ચાલે અને પછી પાછા આટલાં વર્ષે જ્યારે ઑપરેશન સિંદૂર પછી વાયુ મંડલ ગરમ લાગે છે ત્યારે સ્પષ્ટતા કરો કે અમે કંઈ રસ્તા પર નથી રહેતાં, તો તે ન ચાલે.

જાવેદમિંયાએ વીર સાવરકર પર વિપરીત દૃષ્ટિકોણથી લખાયેલા (અડવાણી યુગ પછી પોતાને હાંસિયામાં અનુભવતા પૂર્વ પ્રધાન, પત્રકાર અને લેખક) અરુણ શૌરીના પુસ્તક 'ન્યૂ આઈકૉનઃ સાવરકર ઍન્ડ ફૅક્ટ્સ'ની કે 'મુસ્લિમ્સ અગેઈન્સ્ટ પાર્ટિશન' (લેખક શમશુલ ઈસ્લામ) પુસ્તક પોતે વાંચે છે તેમ કહી તેનું માર્કેટિંગ કર્યું છે. તેમાં મોગલોની પણ વાહવાહ કરી છે. અકબર અને શાહજહાંની પ્રશંસા કરી છે.

અકબર પહેલાં ભારતમાં સેક્યુલરિઝમ જ નહોતું, તેમ જાવેદમિંયા કહે છે. બોલો ! વિશ્વની સૌથી જૂની મસ્જિદ કેરળમાં અકબરના જન્મના સાડા આઠસો વર્ષ પહેલાં બની હતી તે જાવેદમિંયા ભૂલી જાય છે. મુસ્લિમ આક્રાંતાઓના ત્રાસથી ઈરાનથી ભાગીને સંજાણ આવેલા પારસીઓને હિન્દુ રાજા જાદી રાણાએ આશ્રય આપ્યો હતો તે ઘટના અકબરના જન્મથી આઠ સદી જૂની હતી !

જાવેદમિંયા અકબરને મહાન ચિતરવા માટે 'ટાઈમ્સ'માં ૨૦૧૧માં આવેલા લેખને ટાંકે છે જેમાં અકબર અને ગાંધીજીને મહાન રાજકીય આદર્શ તરીકે ગણાવાયા હતા ! જોકે જાવેદમિંયા તો પોતાના ઈન્ટરવ્યૂમાં શાસકોમાં અકબર અને ગાંધીજીનો સમાવેશ કરાયો હતો તેમ કહે છે, ત્યારે સૌરભ દ્વિવેદી સામું પૂછતા નથી કે ગાંધીજી શાસક હતા ખરા? સૌરભ દ્વિવેદી ક્રૉસ ક્વેશ્ચન જમણેરી વિચારધારાવાળાને જ કરી શકે છે.

અકબરના અનેક અત્યાચારો છે, તેમાંથી તાનસેનની વાત કરીએ. હમણાં સૉશિયલ મીડિયા પર બે ક્લિપ મળી. એક ક્લિપ સ્વ. ગઝલ ગાયક જગજીતસિંહની છે. જગજીતને પૂછવામાં આવે છે કે ભારત અને પાકિસ્તાનની ગાયકીમાં શું ભેદ છે? જગજીતસિંહ સહેજ પણ વાર લગાડ્યા વગર કહે છે કે પાકિસ્તાનની (એટલે કે મુસ્લિમોની) કોઈ ગાયકી નથી. તેઓ અહીંથી જ ગયા છે. બીજી એક ક્લિપમાં સંગીતના જાણકાર કોઈ વક્તા કહે છે કે આ મિંયા તોડી રાગ તાનસેને બનાવ્યો હતો. તાનસેન મુસ્લિમ બની ગયા હતા. એટલે કે ત્યાંથી મુસ્લિમોમાં સંગીત આવ્યું. બાકી, ઈસ્લામમાં તો સંગીત પ્રતિબંધિત છે.

તાનસેનનું મૂળ નામ રામતનુ પાંડે. પિતા મકરંદ (કેટલીક જગ્યાએ મુકુંદ નામ પણ ઉલ્લેખિત છે) પાંડે સારા કવિ. નાનપણમાં સિંહ-વાઘ વગેરેનો સ્વર સારી રીતે કાઢી શકતા. આ જોઈ મધ્ય પ્રદેશ આવેલા-વૃંદાવનના, શ્રી કૃષ્ણના પરમ ભક્ત સ્વામી હરિદાસે તેમને પોતાના શિષ્ય બનાવવા મકરંદ પાંડે સમક્ષ ઈચ્છા વ્યક્ત કરી. પિતાએ પ્રસન્નતાથી હા પાડી. તે પછી રામતનુ પાંડે મધ્ય પ્રદેશના ગ્વાલિયરના રાજા રામનિરંજનસિંહ અને બાદમાં રેવાના રાજા રામસિંહના દરબારમાં ગાયક બન્યા. તેમની ખ્યાતિ અકબરના કાને પહોંચી. અકબરે દાદાગીરીપૂર્વક રામતનુ એટલે કે તાનસેનને પોતાને આપી દેવા દબાણ કર્યું. રાજા રામસિંહની અકબર સામે બાથ ભીડવાની ક્ષમતા નહોતી. પણ પોતે તાનસેનને કહી પણ નહોતા શકતા. તાનસેન તેમની મૂંઝવણ પામી ગયા. કહ્યું કે "કંઈ વાંધો નહીં. હું જતો રહીશ." તેમને મોકલવા રાજા રામસિંહે પાલખી મોકલી. વચ્ચે વિરામ માટે તાનસેન નીચે ઉતર્યા. જોયું તો રાજા પોતે પાલખીને ઊંચકીને આવી રહ્યા હતા. તેમણે સખેદ પૂછ્યું કે રાજા તમે કેમ કષ્ટ કરો છો? રાજા રોઈ પડ્યા, "મારા માટે હવે તમે મરી ગયા છો. તેથી હું તમારી અર્થીને કાંધો આપું છું." તાનસેન પણ દુઃખી-દુઃખી થઈ ગયા.

અકબરની દીકરી મહેરુન્નિસા તાનસેનના પ્રેમમાં પડી હતી. તેણે પિતા સમક્ષ તાનસેનને પરણવાની ઈચ્છા વ્યક્ત કરી. આથી અકબરે તાનસેનને મુસ્લિમ બનવાની ફરજ પાડી.

તાનસેનના સંતાનો થયાં તેમના અડધાંના નામ હિન્દુ અને અડધાના નામ મુસ્લિમ હતા- સૂરતસેન, સરતસેન, તરંગખાન, બિલાલખાન અને સરસ્વતી. અને તાનસેને રાગ બનાવ્યો તે મિંયા કી તોડી. તાનસેને અનેક સમયે અકબરનું અભિમાન ઉતારેલું, જેમ કે સ્વામી હરિદાસનું ગાયન સાંભળવા માટે અકબરને સાદા વેશમાં તેઓ લઈ ગયા હતા, કારણકે સ્વામી હરિદાસ કંઈ અકબરના દરબારમાં આવીને ગાય નહીં અને અકબર અકબર તરીકે જાય તો પણ ગાય નહીં. તેમને સાંભળવા સામાન્ય માણસ બનીને જવું પડે. તે વખતે અને મીરાબાઈને શ્રી કૃષ્ણની ભક્તિમાં નાચતા જોવા ગયા હતા તે વખતે અકબરે તાનસેનને પૂછ્યું કે તમારા ગાયનમાં સ્વામી હરિદાસ કે મીરાબાઈ જેવી મધુરતા નથી. તાનસેને રોકડું પરખાવ્યું હતુંઃ ક્યાંથી હોય જહાંપનાહ ! એ લોકો ઈશ્વરને પ્રસન્ન કરવા ગાય છે, હું તમને.

મીરાબાઈ મંદિરમાં ગાઈ રહ્યાં પછી અકબર જે એક ઝવેરીના રૂપમાં ગયો હતો તેણે અમૂલ્ય હાર શ્રી કૃષ્ણને ચડાવવા માટે આપ્યો. પછી અકબર-તાનસેન તો ચૂપચાપ ચાલ્યા ગયા પરંતુ ઉદયપુર અને દિલ્લી સલ્તનત તો એકબીજાના વેરી હતા. જ્યારે આ વાત મહારાણાને ખબર પડી ત્યારે તેમણે મીરાબાઈને કહ્યું કે તમે આપણા વેરી મુસ્લિમ શાસકને તમારું મુખ બતાવ્યું? તમે પાપ કર્યું છે. તેના પ્રાયશ્ચિત રૂપે તમે જીવન ત્યાગી દેશો તો પણ ઓછું છે. આથી મીરાબાઈ નદીમાં જીવ આપી દેવા ભક્તો સાથે પહોંચ્યા. પરંતુ તેઓ ડૂબે તે પહેલાં શ્રી કૃષ્ણએ તેમને બચાવી લીધા. જાવેદમિંયા, તમારા પ્રિય અકબરના લીધે કોઈ સ્ત્રીને ડૂબી મરવું પડે તેવી સ્થિતિ થઈ હતી.

અકબર સ્ત્રીઓ માટે મીના બાઝાર યોજતો. એટલું જ નહીં, અકબર પોતાની મનગમતી સ્ત્રી માટે બુરખો પહેરી ત્યાં જતો. મહારાણા પ્રતાપના ભાઈ શક્તિસિંહ અકબર પક્ષે હતા. (આ હિન્દુઓનું મોટું દુર્ભાગ્ય) તેમની દીકરી હતાં કુંવરી કિરણદેવી રાઠોડ. એક વાર અકબર તેના ચમચાઓ સાથે બુરખા પહેરીને મીના બાઝારમાં ગયો. ત્યાં તેણે કિરણદેવી રાઠોડને જોયાં. અકબરની આંખમાં વાસના ઉમટી. અકબરે એકલા જઈ કિરણદેવીનો રસ્તો રોક્યો અને પોતાની શૈય્યાસંગિની (હમબિસ્તર, આપ સમજો!) બનવા કહ્યું. કિરણદેવીએ કહ્યું કે તેઓ તેમના જ સાથી પૃથ્વીરાજનાં પત્ની છે. પણ અકબર આગળ વધવા લાગ્યો. આ જોઈ કિરણદેવીએ પોતાનાં વસ્ત્રમાં છુપાવેલું ખંજર કાઢ્યું અને અકબરને ચત્તોપાટ પાડી દઈ તેની છાતી પર એ જ રીતે પગ મૂક્યો જેમ દુર્ગાએ મહિષાસુર પર મૂક્યો હતો. કિરણદેવીનું આ દુર્ગા સ્વરૂપ જોઈને અકબર ત્યાંથી ભાગી છૂટ્યો.

આ જ રીતે, અકબરના દરબારમાં તાનસેનના માનપાનથી ઈર્ષા પામેલા શૌકતમિંયા નામના દરબારીએ અકબરના કાન ભંભેર્યા કે દીપક રાગ જેવો કોઈ રાગ નથી. અકબરે તાનસેનને દીપક રાગ ગાવા કહ્યું. તાનસેને ના પાડી પરંતુ અકબરે તાનસેનની કોઈ વાત ન સાંભળી. તાનસેને રાગ ગાયો. દીપક ઝળહળી ઊઠ્યા. એટલી ગરમી થઈ ગઈ કે અકબર સહિત બધા પરસેવે રેબઝેબ થઈ ગયા. તાનસેન ખૂબ દાઝી ગયા. અસહ્ય પીડા ઉપડી.

અકબર સાથે ફરતા-ફરતા તાનસેન, વડનગર આવ્યા. ભારતમાં સંગીત તો સામાન્ય જનના કંઠમાં છે. વડનગરની તાના-રીરીના પિતાએ હા પાડી પછી હાટકેશ્વર મંદિરમાં બંને બહેનોએ મલ્હાર રાગ ગાયો. વાદળ ઘેરાયાં અને વરસાદ તૂટી પડ્યો. તાનસેનનો દાહ અને ફોડલાં બંને શાંત થયા. આ જોઈ અકબરે તેમને પણ પોતાના દરબારમાં લઈ આવવા આદેશ કર્યો. સૈનિકો આવ્યા પરંતુ બહેનો અકબરની લંપટતાને જાણતી હતી. તેઓ ગુપ્ત માર્ગે ભાગી છૂટી અને તેમણે જળસમાધિ લઈ લીધી. જાવેદમિંયા, આ હતા તમારા અકબર.

તાનસેનમાં જ્યારે અભિમાન આવી ગયું હતું અને તેણે ગાવાની મનાઈ કરાવી દીધી હતી. એક વાર ભજન ગાતા સાધુઓને ફાંસી અપાઈ. તેમની સાથે રહેલા એક બાળકને ફાંસી ન અપાઈ. આ બાળક એટલે ચાંપાનેરનો બ્રાહ્મણ બૈજનાથ મિશ્ર- બૈજે. એ દસ વર્ષનો બાળક સ્વામી હરિદાસના ધ્યાનમાં આવ્યો. તેમના કાને તેમના શિષ્ય તાનસેનના મદની વાત પહોંચી. તેમણે બીજા શિષ્યને તૈયાર કર્યો. દસ વર્ષ પછી બૈજુએ તાનસેનનો પડકાર ઝીલ્યો. હરણ પાછું આવ્યું અને માળા પાછી આપી. તે પછી બૈજુએ પથ્થર પીગળી જાય તેવો રાગ ગાઈ બતાવ્યો. તાનસેન આ પડકાર ન ઝીલી શક્યો. અકબર તાનસેનને દંડ દેવા તૈયાર થયો, પણ બૈજુએ ક્ષમા આપી દીધી. તેના પર ફિલ્મ 'બૈજુ બાવરા' બનાવનાર પણ ભાવનગરના પાલિતાણાના ગુજરાતી વિજય ભટ્ટ હતા.

આ છે ગુજરાત અને ગુજરાતીઓ. દિલ્લી સલ્તનતને હંફાવનાર. ■


jaywant.pandya@gmail.com


# ઇન્ડિયા વિધીન ઇન્ડિયા – ચામડીની નીચે સોરાયસીસની જેમ


રાજકીય રસધાર

પ્રવીણ માધાણી


યુવાનીમાં વાડીએ પિયત કરવા જતો ત્યારે એક વસ્તુ જોતો કે જેમજેમ જમીનમાં પાણી આગળ વધતું જાય તેમતેમ જમીનની તિરાડોમાં પાણી ભરાતા જમીનની અંદર રહેલી જીવાતો બહાર નીકળતી અને ભાગાભાગી કરી મુકતી. જમીન સુકાતા ઉભા થયેલ પોલાણોમાં પાણી ઉતરતા ફરજીયાત બહાર આવીને સલામત જગ્યા શોધવી પડતી. આખું ખેતર પાણી પી રહે ત્યારે આજુબાજુના ખેતર કે વાડોમાં આ જીવાતો શરણ લેતી કે નવું ઘર કે દર બનાવતી, પણ આ જમીન તેમણે છોડી દેવી પડતી. દેશમાં અત્યારે પાકિસ્તાન પર ઓપરેશન સિંદૂર બાદ તિરાડોમાં પાણી પ્રવેશી રહ્યું છે. જીવાતો ટીવી ડીબેટમાં, સોશ્યલ મીડિયા, રાજકીય મંચો અને પાનના ગલ્લા સુધી બહાર નીકળીને દોડાદોડી કરી રહી છે. વર્ષોથી જે ઘરમાં અડીંગો જમાવીને પડ્યા હતા એ ઘર છોડવાનું થયું છે. પીડા અસહ્ય છે. આ તિરાડોમાં ક્યારેય પાણી નહિ ભરાય એવો ભ્રમ પાળીને ઘરને ખુબ સજાવ્યું હતું. અચાનક એવી મેઘમહેર થઈ કે આખી જમીન પાણીથી તરબતર થઈ ગઈ. પાકિસ્તાન તરફી કૂણી લાગણી ધરાવતી આખી એક નપુંસક જમાત ઉજાગર થઈ ગઈ. આ ઉદાહરણ દેશની સાંપ્રત પરિસ્થિતિમાં અદલ ફીટ બેસે છે. જે જીવાતો દેશને બાપીકી જાગીર સમજતી હતી, પોતાને રાજા અને પ્રજાને રૈયત સમજતા હતા, દેશ પોતાની માન્યતા, મત કે મતિ પ્રમાણે ચાલશે એવા જન્મજાત સર્ટિફિકેટ છાતી પર લટકાવીને ફરતા હતી. એ બધું ધૂળધાણી થઈ ગયું. થોડો સમય માટે વિરુદ્ધ પરિસ્થિતિમાં વાંધો નહોતો, પણ સમય ખુબ લંબાઈ ગયો. સિંહાસન ગુમાવ્યે દશકા ઉપર વખત વીતી ગયો. ધીરજ ખૂટતી ચાલી. ધીરજ ખૂટવાના કિસ્સામાં બે ત્રણમાંથી એક ચીજ બને છે, એક તો જે હાર સ્વીકારી લે છે એ માણસ મેદાન છોડી દે છે, બીજું, જે સંઘર્ષ સ્વીકારે છે એ ખંતપૂર્વક સ્થિતિ સુધારવામાં લાગી જાય છે, ત્રીજા કિસ્સામાં જે હાર અને સંઘર્ષ બંનેમાંથી એક પણ સ્થિતિ નથી સ્વીકારતો એ માનસિક સંતુલન ગુમાવી બેસે છે અને ન કરવાની પ્રવૃત્તિઓમાં ઉતરી પડે છે અને પોતાની આ પરિસ્થિતિ માટે આખી દુનિયાને દુશ્મન ગણવા લાગે છે. કોંગ્રેસે આજે હાર કે સંઘર્ષ બંનેમાંથી એક પણ સ્થિતિ સ્વીકારી હોય એવું લાગી રહ્યું નથી.

દેશના કેટલા યુદ્ધ વિમાનો તૂટ્યા એ પ્રશ્ન ખરેખર પાકિસ્તાન તરફથી આવવો જોઈએ, પણ ભારતની કમનસીબી કે એ સવાલ દેશમાંથી ઉઠ્યો છે, અને એ પણ દેશના સૌથી જુના રાજકીય પક્ષ કોંગ્રેસના આગેવાન તરફથી ઉઠાવવામાં આવ્યો છે. અને એની પાછળ એક તાબેદાર બુદ્ધિખોર વર્ગ તાબોટા સાથે એ જ કોરસ ગાતો ગાતો બહાર નીકળી ચુક્યો છે કે આ સવાલ લાઝમી છે. આ એક એવો સામંતશાહી માનસિકતાનો ઘેરો છે જે ભારતની ચીન સાથે સરખામણી પણ સાંખી શકતો નથી. એ ધરાર ભારતને પાકિસ્તાનની સમકક્ષ ઉભો રાખવા મથતો રહે છે. શું દેશમાં કોઈ સારી વાત બની જ નથી રહી ? એક ચીની ફિલસૂફનું વિધાન છે કે સાધુ બોલતો નથી, બુદ્ધિમાન બોલે છે અને મુર્ખ સાબિતીઓ માંગતો ફરે છે. દેશ વતી આખા વિશ્વમાં આ આક્રમણ બાદ દેશનો પક્ષ રાખવા વિશ્વના વિવિધ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા વિવિધ પક્ષોના ઘણા સાંસદોને વડાપ્રધાનના આગ્રહથી મોકલવામાં આવ્યા. તમે એ સાંસદો માંહેના તમારા પક્ષના સાંસદોને પણ વડાપ્રધાનના ચમચા કહી દીધા. પક્ષનો જે સદસ્ય આ નિવેદન આપવા આવ્યો છે, એ કોનો ચમચો છે ? આપણા ચારણી સાહિત્યના કલાકાર શ્રી ઈસરદાન ગઢવી કહેતા એમ કે ચમચો વાસણ ખાલી થયા પછી વધુ ખખડે કે અવાજ કરે છે. દેશમાં જે જે વાસણો ખાલી થઈ ગયા છે એ વાસણમાં રહેલા ચમચાઓ જોરથી ખખડી રહ્યા છે. આઈન્સ્ટાઈને કહ્યું હતું કે વિશ્વમાં બે જ વસ્તુ અનંત છે. પહેલું બ્રહ્માંડ અને બીજું માણસજાતની મૂર્ખતા. અગાધ બ્રહ્માંડનો તાગ કોઈ મેળવી શક્યું નથી તેમ માણસ કેટલો મુર્ખ હોઈ શકે તેનો અંદાજ લગાવવો પણ અશક્ય છે. દેશને એ જાણવાનો અધિકાર પણ છે કે એવી તે કઈ પાર્ટીલાઈન છે જે દેશના મિજાજ સાથે મેળ નથી ખાતી ? એ પાર્ટી લાઈનથી અલગ જે અવાજ ઉઠે છે એ પાર્ટીમાંથી બહાર ફેંકાઈ જાય છે. ૧૯૩૯ના સુભાષચંદ્ર બોઝથી લઈને ૨૦૨૫ના શશી થરુર સુધી ઈતિહાસ દોહરાવાઈ રહ્યો છે.

જેમ જીવનની મુશ્કેલીમાં માણસને પત્ની, મિત્ર અને સગસબંધીઓની પીછાણ થાય છે તેમ દેશના મુશ્કેલ સમયમાં દેશના નેતાઓના ચરિત્રની પીછાણ થાય છે. પહેલા કિસ્સામાં જે તમને સમર્પિત છે એ ખભો મિલાવીને તમને સાથ આપે છે જયારે બીજા કિસ્સામાં દેશને સમર્પિત હોય એ નેતા ખભો મિલાવીને દેશની સાથે ઉભો રહે છે. જનતા જાણે છે, કોઈ નેતા સરહદ પર મશીનગન લઈને દુશ્મનથી મુકાબિલ નથી થવાનો. પણ તેનું વલણ અગત્યનું છે. દુશ્મન દેશ જો તેના નિવેદનોથી રાજી રાજી થઈ જતો હોય, અને પ્રાર્થના કરતો હોય કે કાશ.... આ વ્યક્તિ ત્યાંનો વડોપ્રધાન બની જાય, તો એનું સમર્પણ સાત વખત ચકાસવું પડે. ચૂંટણી હારવી એ બીજા દેશ સામે હારવા જેવું અદલ ગણિત નથી. ચૂંટણી દર પાંચ વર્ષે થતી એક વહીવટી પ્રક્રિયા છે, દુશ્મન દેશ સાથે યુદ્ધ કોઈ વહીવટી પ્રક્રિયા નથી. ચૂંટણી તેની પાછળ હારેલ કે જીતેલ પક્ષ છોડી જાય છે, જયારે યુદ્ધ એક ઈતિહાસ છોડી જાય છે જે પલટાવી શકાતો નથી.

ક્વિક નોટ – "આઈ નો ટુડે લોટ ઓફ કન્ટ્રીઝ આર નર્વસ અબાઉટ ધ યુ.એસ. (અમેરિકા), ઓકે ? લેટ્સ બી ઓનેસ્ટ અબાઉટ ઈટ, વી (ઈન્ડિયા) આર નોટ વન ઓફ ધેમ." – એસ.જયશંકર – વિદેશમંત્રી, ભારત સરકાર. ■


production@infiniumpharmachem.com


# થ્રી ઇન વન એટલે શું?


હાસ્યાય નમઃ

ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩


(૧) હું બહુ ઊંચાઈ ધરાવું છું. મારે કેવું કામ પસંદ કરવું જોઈએ?
દર્શન પટેલ (વડોદરા)
તમે સોસાયટીમાં માળિયામાંથી વ્યાજબી ભાવે સમાન ઉતારી અને ચડાવી દેવાનું કામ શરૂ કરો. નવરા નહી રહો. બાજુની સોસાયટીવાળા પણ બોલાવશે.

(૨) થ્રી ઈન વન એટલે શું?
રામભાઈ પટેલ (સુરત)
બગાસું, ઉધરસ અને છીંક એકસાથે આવે એ.

(૩) 'બાર બાર દેખો હજાર બાર દેખો' આ ગીતમાં શું જોવાની વાત છે?
જય દવે (ભાવનગર)
આઈપીએલ મેચોમાં રિવ્યૂ માગવામાં આવે ત્યારે થર્ડ અમ્પાયરને અપાયેલી આ સલાહ છે.

(૪) સાહેબ..! કોડી અને કોડામાં શું ફરક?
ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)
કોડીથી બાળકો રમે. કોડો આખા ગામને રમાડે.

(૫) સજોડે ફરવા જવા માટે શ્રીમતીજી તૈયાર થાય છે. ગાડી બહાર કાઢું કે એક ઊંઘ ખેંચી લઉં ?
કનુભાઈ પરમાર (દામનગર)
અમારે આ બાજુ કોઈ સજોડે ફરવા ન જાય. એટલે તમારે એ બાજુ રિવાજ હોય એમ કરો.

(૬) આડોશી, પાડોશી અને ડોશીમાં શું ફરક?
ડાહ્યાભાઈ આદ્રોજા (લીલિયા મોટા)
આડોશીપાડોશી તરીકે કોઈ ડોશીમા રહેતા હોય એને જ પૂછી લેજોને!

(૭) અમારે તમને સવાલ પૂછવાનો હોય પણ ક્યારેક ક્યારેક તમે પણ સવાલ પૂછો છો એનું કારણ?
રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)
ક્યારે પૂછ્યો?!

(૮) કોરોના આવે છે તો વેક્સીન લેવાય?
હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)
ડોક્ટર કહે તો લેવાય બાકી તમે તો એવી વાત કરી કે ચોમાસુ આવે છે તો છત્રી લેવાય?

(૯) એકમ કસોટી બંધ થઈ એના વિશે આપ શું માનો છો?
મુકેશભાઈ સોજીત્રા (ઢસા)
તમે માનો છો એ જ.

(૧૦) એક કિલો રૂ વજનદાર હોય કે એક કિલો લોખંડ ?
જીગર આહીર (દાત્રાણા-પાટણ)
એક કિલો માટે મારે વજનકાંટો કેમ ફેરવવો?!

(૧૧) તમે પાકિસ્તાન ક્યારે જાઓ છો?
હરિભાઈ ધોરાજિયા (લીલિયા મોટા)
પાકિસ્તાન અંધારામાં જીવવા ટેવાઈ ગયું છે. એને 'પ્રકાશ' નહી ફાવે!

(૧૨) તમને નથી લાગતું કે દુનિયા ખોટા રસ્તે જઈ રહી છે?
રમાબેન પટેલ (અમદાવાદ)
તો તમારે સાચું સરનામું આપવું જોઈએને!

(૧૩) પાપ નથી કર્યા તો તે ધોવા તીર્થ કરવાની જરૂર ખરી?
સરદારખાન મલેક (મહેસાણા)
ભૂખ ન લાગી હોય તો પણ ખેતરમાં અનાજ તો વાવવું જ પડે. આજ સુધી કોઈ સાથે મોટરસાઈકલ ભટકાડી ન હોય તો પણ ડ્રાઈવિંગ લાઈસન્સ તો કઢાવવું જ પડે.

(૧૪) મન ખાટું થઈ ગયું એટલે?
હાફીઝ રિયાઝ સેલોત (રાજુલા)
બટેટાનું કીધું હતું અને ગલકાનું શાક બનાવ્યું એનું પરિણામ.

(૧૫) સ્ત્રીને ઘરની લક્ષ્મી કહેવાય છે તો પુરુષને?
જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)
એ લક્ષ્મીએ નક્કી કરવાનું છે. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**



# તું રંગાઈ જા ને રંગમાં.....નવદંપતીને લાગતો ભવોભવનો રંગ

સપ્તરંગ

દિલીપ ભટ્ટાચાર્ય

રંગ લાગે એને તો એક છાંટો પડે ને તોય આખો મનખાવતાર બદલાઈ જાય અને ન લાગે એને રંગના હોજમાં ડૂબાડો તોય રંગ અડે કે ચડે નહિ. કેટલાક દંપતી એકબીજાના રંગે એવા રંગાઈ ગયા હોય છે કે પછી એને ઉત્તમ હો કે અધમ હો, આ સંસારની કોઈ ઈતર છાલક લાગતી નથી. જુની પેઢીમાં હજારો દંપતી એવા હતા કે એમણે એકબીજા સાથે સમજણથી અને વાતો કર્યા વિનાનો આખો ભવ પૂરો કર્યો. એક જમાનો હતો કે દંપતી વચ્ચે નહિવત્ વાતો થતી ને પ્રેમ લગભગ દૈવી કક્ષાનો હતો. અણગમતા બંધનો અને વ્યર્થ રીતરિવાજો વચ્ચે ય ગુલાબના ફૂલને ખિલવાની જગ્યા હતી. આજે પણ છે. કોઈ પણ ફૂલછોડને કેળવવો પડે, એને પાંગરવા દેવાની ધીરજ અને નિરપેક્ષિત લાગણીઓનો એક પ્રવાહ ઘરની વચ્ચેથી વહેતો રહેવો જોઈએ.

દામ્પત્ય જીવનના સૂત્રો જે પ્રચલિત છે તે હવે સાવ નહિ તોય મહત્ તો અપ્રસ્તુત થઈ ગયા છે. નવદંપતીને કોઈની આદર્શવાદી સલાહની હવે જરૂર રહી નથી. આમ પણ તમે કોઈને સલાહ આપતા હો ત્યારે જરાય શોભાયમાન લાગતા નથી. માણસે સલાહ આપતી વેળાના પોતાના મુખારવિંદનું પ્રતિબિંબ જોતા રહેવાની વ્યવસ્થા રાખવી જોઈએ. એક આખો સલાહયુગ પૂરો થઈ ગયો છે. જે યુગમાં સલાહ આપતા વ્યાખાનો, સલાહ આપતા પુસ્તકો અને સલાહ આપતા વક્તાઓ હતા. વાતો કરો અને આનંદ કરો. અને ઉપદેશ કોઈને લાગે છે? જેને આત્મભાનથી બેઠા થવું છે એ તો કોઈ એક કીડી કે પાંદડાંમાંથીય બોધ પ્રાપ્ત કરી લેશે. આવનારા સમયમાં જેમણે સારી લાયબ્રેરીઓ જાળવવી હશે એમણે એમાં રહેલા સલાહકારી ગ્રંથો દૂર કરવા પડશે. એક નવા ઉછરતા જીવનને એટલે કે તરોતાજા કોઈ કૂંપળને હવે પાનખરના પાંદડાની આત્મકથામાં રસ નથી.

ઘરમાં નવી વહુ આવે એને ઘરની વિવિધ પ્રથા-પરંપરાની જાણ કરી શકાય. એ ભૂલ કરે તો સ્હેજ યાદી આપી શકાય. બસ એનાથી વધારાનું ગૃહપુરાણ ઉખેળવાની જરૂર નથી. આગંતુક નવવધૂને એ તો ખબર જ હોય કે એક નવી જ દુનિયામાં આવે છે. એના પગલાં એક અજાણી ભોમકા પર પડે છે. એનું સુખ એણે જાતે નીપજાવવાનું છે. જે તૈયાર છે એ તો સગવડ છે, સુખ નથી. સગવડને સુખ માની ન લેવાય. સુખ જેને લેતા ને આપતા આવડે એને સગવડના મોટા મહેલ થતા વાર ન લાગે પરંતુ સોનાની સાંકળે આંબાડાળે હિંચકો બાંધેલો હોય અને વહુ-દીકરો એના પર હિંચકતા હોય તોય એ છે તો સગવડ જ. સગવડમાંથી સુખ નીપજે એથી ક્યાંય અધિક સુખના ભંડાર તો સ્વભાવમાંથી નીપજે.

દીકરાના લગ્ન થવાના બાકી હોય ત્યાં સુધી એ માતાપિતાના 'ઘર' માં રહે છે. પરંતુ એકવાર એ પોતાની ધર્મપત્નીના કંકુપગલા સાથે પિતાના ઘરમાં પ્રવેશે એટલે એ ઘર એ બન્નેનું - નવદંપતીનું થઈ જાય છે. પછી માતાપિતા પોતાના ઘરમાં નહિ, દીકરાના ઘરમાં રહે છે. લગ્ન થતાંવેંત દીકરા-વહુને ઘરનો કારભાર અને કાર્યભાર બેય સોંપી દેવાની જે માતાપિતાની તૈયારી ન હોય એણે દીકરાની જાન જોડવી જ ન જોઈએ.

**નવદંપતીને કોઈની આદર્શવાદી સલાહની હવે જરૂર રહી નથી. આમ પણ તમે કોઈને સલાહ આપતા હો ત્યારે જરાય શોભાયમાન લાગતા નથી**

અથવા તો એવા માતાપિતાએ દીકરાને અને સભંવિત વહુને લગ્ન પૂર્વે એડવાન્સમાં મીઠી ભાષામાં સ્પષ્ટતા કરવી જોઈએ. સ્પષ્ટતાથી કુટુંબક્લેશ ઘટે છે અથવા થતો જ નથી. આખરે એક નવી પેઢી ઘરના ફળિયામાં આકાર લઈ રહી છે. એને સારા હવામાનની અને વડીલોની શુભાકાંક્ષાઓની જરૂર છે. માત્ર આશીર્વચનો કંઈ કામમાં આવતા નથી.

પોતાની દીકરી સાસરે જાય એને એની માતા પિયરમાંથી ફોન કરીને પૂછે કે બેન, તારી સાસુ કંઈ કામકાજ કરે કે બધું તારે જ કરવાનું.....! આ સિક્કાની બીજી બાજુ જ જોવાની હોય છે કે પોતે પોતાના ઘરમાં આવેલી પુત્રવધૂ સાથે કામકાજમાં કઈ રીતે જોડાય છે. હવે કોઈ માતાને સાસુપણુ નિભાવવામાં રસ નથી એ સારી વાત છે પણ સાસુપણાનો યુગ પણ પેલા સલાહયુગ સાથે પૂરો થઈ ગયો છે. નવા જમાનાની કન્યાઓ તો અત્યંત સૌજન્યશીલ છે. એ તો પિતાના ઘરેથી પોતાના ઘરે આવે એના પ્રથમ દિવસથી સસરાને પપ્પા અને સાસુને મમ્મી કહે છે.

કમ સે કમ એના આ સંબોધનની મરજાદ જાળવીનેય પરિવારે નવી વહુ પર સુખનો શીતળ પાલવ-છાંયો રાખવો જોઈએ. કોઈ અજાણી વ્યક્તિ પણ તમને પપ્પા કે મમ્મી કહે તો તમારી જવાબદારી કેટલી બધી વધી જાય છે. આ તો તમારી પુત્રવધૂ છે ! વાત સાવ સામાન્ય છે. પુત્રના લગ્ન થયા પછી આ ઘર દીકરા - વહુનું છે ને એમાં અમે એની સાથે રહીએ છીએ. આટલું સમજાય એનો સંયુક્ત કુટુંબનો વડલો જળવાય છે. એને આઠેય પહોર આનંદ છે. ■

# વાત જ્યોતિષીનાં પાનાંની....



આ શિયાળાની રાત હતી. કાતિલ ઠંડી પણ હતી આપણ પરસ્પરના પ્રેમનું તાપણું સળગતું હતું. શહેરથી થોડે દૂર અભિષેક પટેલ જેવા ગર્ભશ્રીમંત મિત્રનું ફાર્મહાઉસ હતું. માગશરનો ઠાર હતો પણ હજી હમણાં જ ઓળા, રોટલા, માખણ, ગોળ અને મરચાં ઉપર શેઢડકા દૂધ જેવી છાશનું વાળું કર્યા પછી એ ઠાર અંદરનાં ભાવોને ઉલટાનાં ઉશ્કેરી, ઉશ્કેરી ગરમાવો કરી રહ્યો હતો. પાર્ટી મિત્રોમાં ઉંમરના કોઇ જ ભેદભાવ નહોતા. અભિષેક પટેલ જેવો ૨૮-૩૦ વર્ષનો લવરમૂછિયો જુવાન પણ હતો અને ચંદ્રેશકાકા જેવા ચોપન વર્ષનાં વિધૂર અંકલ પણ હતા. ચાલીસે પહોંચવા આવેલો ચિરાગ દોશી પણ હતો ને બત્રીસ વર્ષ સુધી કઠોડે ચડી ને હજી સુધી વાંઢો રહી ગયેલો વિમલ પરસાણાં પણ હતો. દસેક જેટલા મિત્રો હતા જેમાંથી ચંદ્રેશકાકા અને વિમલ સ્ત્રીના વિયોગથી ઝૂરતા પાત્રો હતા. બાકીના ઘરે અપ્સરાઓ જેવી પત્નીઓ હતી. આજે પાર્ટીમાં અભિષેકનો ગામડાનો મિત્ર અને જ્યોતિષ જાણતો, ઈચ્છાશંકર ગોરનો દીકરો વાસુદેવ આવ્યો હતો અને અભિષેકના કહેવાથી બિલોરી કાચ લઈને વાસુ ચંદ્રેશકાકાની હથેળી જોઇ રહ્યો હતો ને પાંચ મિનિટનું નિરીક્ષણ કર્યા પછી ચંદ્રેશકાકાની હથેળી ઉપર જ તાલી પાડતા કોન્ફિડન્સથી કહેતો હતો "કાકા, લખી રાખજો : આજથી બે વર્ષ નવ મહિના અને ૧૩ દિવસ પછી તમારી જિંદગીમાં એક સ્ત્રી આવશે !! " વાત સાંભળીને બધાએ ચંદ્રેશકાકાને ઊંચકી લીધા. ચંદ્રેશકાકાના તનમનમાં ગૂદગૂદી થઇ રહી. "પણ સ્ત્રી હશે કેવડી ?" વાસુએ જવાબમાં મસ્તી કરી : "તમને બધી જ રીતે સાચવી લે એવડી !!" અને બધા જ મિત્રોએ ચિચિયારી કરી.

"હવે એક આ વિમલાનું ભવિષ્ય જોઈ દે વાસુડા." અભિષેકે કહ્યું : "એને નથી મા, નથી બાપ. કુટુંબમાં સાવ એકલો છે એટલે કોઇ આગળ ચાલીને વાત કરવાવાળું નથી અને તેને ને લવેરિયા નામના રોગને બાર ગાઉનું છેટું છે એનો એક નેઠો પડી જાય પછી અમારે દસે જણાએ એક કપલ ટુર કાઢવી છે !!"

વાસુએ એનો હાથ જોયો કે પોતાના જ ગોઠણ ઉપર હાથ પછાડયો : "અભલા, તારા આ મિત્રના સ્ટાર તો ખૂબ જોર કરે છે આને તો ઘરવાળીય મળશે અને વીઘા જેવડું ઘર પણ મળશે. મીન્સ કે ચાંદની જેવી પત્ની તો મળશે જ સાથે ચાંદ જેવું ઘર પણ મળશે. ચંદ્રેશભાઈ અને વિમલની આંખોમાં તો કલ્પનાની મૂર્તિઓ સમી પોત પોતાની અપ્સરાઓ ઉતરી આવી.

કોઇ ઘટનાને છેડો કયારે, કેમ, કયાં સુધી અને કઇ રીતે પહોંચતો હોય છે ? એ કોઇ નથી જાણતું ! એ જ શહેરની તદ્દન વિરૂધ્ધ દિશામાં આવેલા એક ઘરમાં અત્યારે એકના એક યુવાન દીકરાનાં લગ્નગીતો ગવાઇ ગયા હતા અને વરરાજો, વિશાલ પોતાની ભાવિ પત્ની વૈશાલીના ખ્વાબમાં ખોવાઈ ગયો હતો. ધોળ મંગળ, ગણેશ સ્થાપન, દાંડિયારાસ પત્યા પછી વરને પીઠી ચોળવા માટે યુવાન બહેનો, મામીઓ અને ભાભીઓ પડમાં આવી. અહી પીળો રંગ તન પર ઉઘડતો હતો ત્યાં વૈશાલીની હથેળીમાં મહેંદીનો લાલ મરૂન રંગ ઉઘડતો હતો. બીજે દિવસે જાન ગઇ અને સૂર્ય આથમતા સુધીમાં તો ફૂલની ટોકરી જેવી વૈશાલી બહુને તેડતી ય આવી. આજ સપનાંની રાત હતી. વ્હાલો વર હતો અને વરના વિરહથી વ્યાકૂળ વધૂ હતી. એ આખી રાત ફૂલ ખીલ્યાં, ચગદાયાં, સપના લૂંટાયા અને રાત મહેંકી ઉઠી ! બાર જણાનાં સંયુક્ત પરિવારમાં ઉછરેલી વૈશાલીને કાકીઓએ અને મમ્મીએ શિખામણ આપી હતી. એ ઘર છે પણ પિયર નથી. સાસુમા છે પણ જનેતા નથી. એટલે સવારે વહેલી ઉઠી જજે અને ઘરની રૂઢિ જેમ બને એમ વહેલી વહેલી શીખી જજે. પણ અહીંયા તો ઊંધુ જ થયું. વિશાલની બાહુપાશમાંથી છૂટીને સવારમાં છ વાગ્યે ઉઠી ગયેલી વૈશાલી દાદરો ઉતરીને નીચે આવી ત્યારે સાસુ પાણી ભરી રહ્યા હતા. "લાવો મમ્મી... પાણી હું ભરૂં છું." કરતી એ નજીક આવી કે સાસુ તેની સામે ક્ષણેક તાકી રહ્યા પછી ગાલ ઉપર મીઠી ટપલી મારતા કહે : "બેટા, હજી તારે વહેલા વહેલા ઉઠી જવાનો સમય નથી આવ્યો, જા, તારા રૂમમાં જા. આઠ વાગ્યે ઉઠજે જ્યારે મને એવું લાગશે ત્યારે આગલે દિવસે કહી દઈશ. તું મારી વહુ નથી પણ દીકરી છો જા..." એમ કહીને પરાણે રૂમમાં ધકેલી દીધી. વૈશાલી ફરી વાર વિશાલની બાહુમાં સપડાઇ ગઇ તે છેક આઠ વાગ્યે ઉઠી. બે દિવસ પછી મહેમાનો તો ચાલ્યા ગયા પણ સાસરૂં હવે સાસરૂં લાગતું નથી. મા કરતા વિશેષ રીતે મનોરમા જેવી સાસુ વહુની સંભાળ રાખે છે. દિવસે ને દિવસે સાસુ વહુ વચ્ચેનું બોન્ડિંગ વધતું ચાલ્યું. અચ્યુતભાઈને બોબીનની ફેકટરી હતી. દીકરો મિકેનીકલ એન્જિનિયર થઈને હવે જોડાયો હતો. ધંધો જામી રહ્યો હતો. અહીં સાસુ વહુ નિત-નવી પ્રવૃત્તિ કરતા હતા પણ મનોરમા બહેનને શોપીંગનો ખૂબ જ શોખ. શોખ તો તેમને તૈયાર થવાનો પણ એટલો જ. દર પંદર દિવસે બ્યુટીપાર્લરમાં જવા જોઇએ અને એટીકેટમાં જ રહેવું ગમે. સાંજ પડે કે અચ્યુતભાઈને ફેકટરીએથી આવવાનો સમય થાય ત્યારે મનોરમા બહેન જાણે સોળ શણગાર સજીને તૈયાર બેઠા હોય. અચ્યુતભાઇ ચા પાણી પીવે પછી બન્ને જણાને બહાર ફરવા જોઇએ જ. સાથે અને સજોડે આ ઉમરે સાસુ આટલા શોખીન મળશે એવી વૈશાલીએ કલ્પના પણ નહોતી કરી પણ સાસુ બ્યુટીપાર્લરમાં જાય એટલે વૈશાલીને અવશ્ય લેતા જ જાય. બ્યુટીપાર્લર વાળા બહેનને કહે : "વહુ નથી પણ મારી દીકરી છે એને તું ટીપટોપ બનાવી દે. આરસની પૂતળી લાગવી જોઇએ !!" વૈશાલી તાજજુબ થઇ જાય. વરસ વીતવા આવ્યું કે એ સુખના ટીપાં વૈશાલીના ઉદરે ઝીલાયા. એ વાત મનોરમાબેનની ચકોર નજર બહાર ન રહી. એક સાંજે બન્ને એકલા હતા અને વૈશાલીના ગાલ ઉપર વહાલથી હાથ ફેરવતા, આંખોમાં આંખો નાખી એમણે પૂછયું. કેટલા દિવસ ચડયા છે બેટા ? " જવાબમાં વૈશાલી શરમાઇ ગઇ. માંડ માંડ બોલી શકી : "મમ્મી, આજકાલમાં હું તમને વાત..." "કોઇ વાંધો નહીં, મને ખુશી થઇ." એમ કહીને વૈશાલીનું કપાળ ચૂમ્યું. દિવસો પવનવેગે ભાગ્યા અને કલૈયાકુંવર જેવો દીકરો જન્મ્યો પણ કાળ તરફ ધકેલાઇ રહેલા ભાગ્યની તો ભનક પણ સાસુ-વહુને કયાંથી હોય ? ફેકટરીના કામે મહારાષ્ટ્ર તરફ ગયેલા બાપ દીકરાની કારને એક ટ્રકવાળાએ ઉલાળ્યા.. એક જ ક્ષણની વાત. સાસુ-વહુના એક સાથે બે સુહાગ ચાંદલા ઉઝડયા. ઘર સૂનુ બની ગયું. જિંદગી વેરાન થઇ. ફેકટરી તો હતી પણ ધંધાની સૂઝબૂઝ નહોતી.

વાર્તા વિશ્વ



યોગેશ પંડયા

સ્ટાફના મહેતાજી ખબર લાવ્યા એક છોકરો નોકરી કરતો હતો છ એક વરસ પહેલા ત્યારે અચ્યુતભાઇ એકલા હતા અને પેલો તેમનો પડછાયો હતો એને બોલાવીએ તો ધીમે ધીમે વૈશાલીને ધંધો શિખડાવશે અને શોધ થઇ અને વિમલ ફેકટરીમાં આવ્યો. સમાચાર સાંભળીને એને ઘણું દુઃખ થયું. સાસુ વહુને સાંત્વના આપી અને ધંધાની દ્રષ્ટિ આપી વૈશાલીને ધંધાનું મિકેનિઝમ શીખડાવવા લાગ્યો. સાસુ વહુ ધીમે ધીમે સ્વસ્થ થયા. વિમલને સારો પગાર ઓફર થયો, જાણે પોતાની મા હોય એમ વિમલ મનોરમાબહેનમાં ઓતપ્રોત થઇ ગયો. જાણે નવા જન્મે મા મળી. મનોરમાએ પણ મનીની સાથે મમતા ભરપૂર આપી. આ તરફ વિશાલનો દીકરો પણ મોટો થઇ રહ્યો હતો. વહુ હવે દુઃખ ભૂલતી જતી હતી અને વિમલ સાથે ભળી રહી હતી. બન્નેને સાથે ધંધાના કામે જવું પડતું પણ એક મર્યાદા સાથે જીવી રહ્યા હતા. એક દિવસ, વિમલે મનોરમાબહેન આગળ વાત મૂકી : "માસી, મારી જ જેવા પ્રમાણિક મારા મિત્ર કહો કે વડીલ કહો એવા ચંદ્રેશ અંકલ છે. તેઓ કામ શોધે છે. તમે કહો તો ફેકટરીએ લઇ આવું... પગાર તમે જે કહો તે.." મનોરમા હવે શું કામ તેની વાત ઉથાપે ? બે દિવસ બાદ ચંદ્રેશભાઇ આવ્યા અને વહીવટને લગતો, બેન્કને લગતો અને તમામ પત્ર વ્યવહાર તેમને સોંપી દીધો. દિવસો પસાર થઇ રહ્યા હતા દુઃખ થાળે પડતું હતું પણ રાત્રે જયારે કામેથી આવીને જમી કારવી, વૈશાલી નહાઇ ધોઇને ગાઉન પહેરી સાસુ પાસે સુવા આવતી ત્યારે એ ગાઉનમાંથી છલકાઇ રહેલી યુવાની, સાસુને સુવા ન દેતી. પુત્રવધૂ હજી યુવાન હતી. વહેતા પાણીને જગ્યા જોઇએ તો જ પાણી તાજું રહે, નિર્મળ રહે બાકી તો એ પાણી ગંધાઇ ઉઠે. એક રાત્રે પૌત્ર ઘસઘસાટ સૂઇ ગયો હતો. ડબલબેડમાં આમતેમ પડખાં ફેરવતી વૈશાલીને ઊંઘ આવતી નહોતી. તો આ તરફ કયારનાય જાગતાં પડ્યા રહેલા મનોરમા બહેન પડખું ફર્યા. નાઇટ લેમ્પના અજવાળામાં ચાર આંખો ભેગી થઇ. મનોરમાબહેન બેઠા થયા અને વૈશાલીનું માથું ખોળામાં લીધું. આંખો ઉપર, ગાલે અને માથે હાથ ફેરવીને પૂછયું : "મારી એક વાત માનીશ... દીકરી ? " જવાબમાં ચમકીને વૈશાલી બેઠી થઇ ગઇ : "તમને મારી ઉપર વિશ્વાસ નથી મમ્મી ?"

"સો ટકા છે પણ તારે મારી વાત ઉપર વિશ્વાસ રાખીને હા પડવાની છે. બોલ મારી વાત માનીશ ?"

"માની વાત કઇ દીકરી ન માને કહો જોઉ..."

"તો વિમલ સારો છોકરો છે. મેં તેની આંખોમાં તારા પ્રત્યેનો પ્રેમ, વફાદારી અને આપણા ધંધા પ્રત્યેની વફાદારી જોઇ છે. એ તને ખૂબ સાચવશે. એકવાર તું હા પાડ એટલે પછી..."

"વૈશાલી સાસુને તાકી રહી. તેની આંખમાં આંસુ આવ્યા. એણે કહ્યું : "વિશાલને હું નહી ભૂલી શકું..."

"વિમલ ભૂલવાડી દેશે તેની મને ખાતરી છે."

"તમે મને આ ઘરમાંથી કાઢવા માગો છો મમ્મી ?"

"ના રે ગાંડી, આ ઘરમાં જ તો આપણે રહેવાનું છે. વિમલ સાથે બધી વાત થઇ ગઇ છે. વિમલ અહીંયા આવી જશે રહેવા..." "મમ્મી..." વૈશાલી એક પળ તાકી રહી પછી બોલી : " ભવિષ્યનો બધો જ વિચાર કરીને રાખજો. કાલ સવારે તમને એકલા પડી ગયાની વેદના થશે."

"નારે, મેં પણ વિચાર કરી જ લીધો છે બેટા. એકલતા જેવું કોઇ દુઃખ નથી. મારી એકલતા પણ દૂર થઇ જશે ફરી પાછા આપણે ચાર અને આપણાં બધાનો મુન્નો તો છે જ ને ?"

"તમારી એકલતા કોણ દૂર કરશે ? "

"ચંદ્રેશ..." મનોરમાબહેનની નજર નીચે ઢળી ગઇ : "દીકરી આગળ છૂપાવીશ નહીં. મને પણ એકલતા ખટકે છે બેટા અને ચંદ્રેશ અને હું તો કોલેજમાં સાથે જ હતા."

"મમ્મી..." વૈશાલીએ મનોરમાને હાથની પાંખમાં લઇ લીધા. થોડાક દિવસ પછી બંગલો ફરીવાર ટહુકતો થઇ ગયો. બે સ્ત્રીઓને જીવનસાથી તો મળ્યા પણ વિમલને તો મા પણ મળી અને બાળપણ !!!! ■

# "હા.... હા, એ તો મને બધું જ યાદ છે."



# રાખનાં રમકડાં

"હું જયારે કમળાપુર આવી, પ્રથમ દિવસે જ આપણી મુલાકાત આચાર્યની ઓફિસમાં થઈ... તે તો તને યાદ છે ને... ?" દામલ સામે એકટીશે જોતાં જ્યોતિએ પૂછયું.

"હા.... હા, એ તો મને બધું જ યાદ છે." દામલે તેનું માથું હકારમાં હલાવી જવાબ આપતા કહ્યું.

"તો..., તો પછી આપણે સાથે કરેલો શૈક્ષણિક પ્રવાસ પણ તને યાદ તો હશે જ..."

"અરે...! એ પ્રવાસ તો કેમ ભુલાય ? એ પ્રવાસનો તો આ બધો પ્રતાપ છે. એ પ્રવાસ થકી જ આપણે બન્ને સાચા અર્થમાં આટલા બધા નજીક નજીક આવ્યા, ભેળાં થયા, એક થયા અને એક જ પથારીમાં મોજ કરી..."

"તો હવે તું સમજી ગયો હોઈશ કે, એ ધર્મશાળાના હોલમાં આવેલા રૂમમાં, હું તારી પાસે પથારીમાં કેમ લાંબી થઈ. આવું બધું કરવા મેં પહેલ કેમ કરી અને આટલી બધી આતુર હું કેમ હતી ? એનું કારણ એ કે પ્રથમ દિવસે, પ્રથમ નજરે જ તું મને ખૂબ જ ગમી ગયેલો. તારૂં સ્નાયુબધ્ધ મજબૂત શરીર, તારી ઉંચાઇ, તારો હસમુખો ચહેરો અને સ્વભાવ, તારૂં ખડતલ ઊંચુ અને ભરાવદાર શરીર, તારા ગુચ્છા જેવા મને ગમતા વાંકડિયા વાળ, તારા કવિ જેવા, લેખક જેવા ઊંચા વિચારો અને તારૂં સૌમ્ય વર્તન... આ બધું તો ઠીક પણ સાથે સાથે તું બ્રાહ્મણ ! એટલે તો આખેઆખો તું મને ખૂબ ખૂબ ગમી ગયેલો, મારા દિલમાં વસી ગયેલો. એટલે એ પ્રથમ દિવસે જ મેં મનોમન નક્કી કરી લીધું હતું કે, હું તને મારો બનાવીશ, બનાવીશ ને બનાવીશ જ. મારી ઈચ્છા, મારા અંતરાત્માની ઈચ્છા એવી હતી કે, અસલ તારી પ્રતિકૃતિ જેવું જ મને સંતાન મળે... ને એવું સંતાન પ્રાપ્ત કરવા માટે છેલ્લો રસ્તો એક જ હોય છે : મારે અને તારે એક જ પથારીમાં સુવું પડે, આપણે એકરૂપ થવું પડે, ભેગાં થવું પડે, શરીર સાથે શરીરનું એકરૂપ થવું ખૂબ જરૂરી હોય છે. એટલે આ કામ, આવું કામ મેં ફકત દસ - બાર દિવસમાં જ પાર પાડી દીધું...



ધારાવાહી નવલકથા

અમૃત પરમાર

" તારા લોહીનું બુંદ મેં મારા પેટમાં સાવચેતીથી સાચવી રાખ્યું છે. એને હું પોષી રહી છું મારે મારા ગામ જઈ સારા ડોકટર પાસે ચેક પણ કરાવ્યું હતું બરાબર છે. ને પછી લીલી ઝંડી મળતા હું તો ખૂબ ખુશ ખુશ થઈ, એટલું જ નહીં, તને કયાંથી ખબર હોય ? તો હવે જાણી લે, મારા પેટની ભારે વાતથી વિજય.... મારો પતિ વિજય, એટલો બધો ખુશ થયો કે, ખુશીના અતિરેકમાં કલાક સુધી તે રડતો રહ્યો, તને નવાઈ લાગશે, જયારે ડોકટરે કહેલું કે ... જ્યોતિ પ્રેગનન્ટ છે ત્યારે વિજયની આંખમાં આંસુ આવ્યા અને પછી તો સાચે જ પોકે પોકે તે રડી પડ્યો હતો.

"સંતાન સુખ મેળવવા માટે અધીરા થતાં પતિ-પત્ની આકરી એવી બાધા-આખડી રાખે છે. નિયમ, વ્રત અને ઉપવાસ પણ કરે છે અને કયારેક તો ન કરવાનું પણ બેધડક પગલું ભરે છે. આ વર્તમાન યુગની વાત નથી. ભૂતકાળમાં રાજ-રજવાડામાં કોઇ રાજાને પુત્ર પેદા ન થતો હોય, એટલે કે રાજા નિર્બળ, નિર્વિર્ય કે ખામીવાળો હોય તો, છાને ખૂણે પણ રાણીને ઓધાન રહ્યા છે ને થોડા સમયમાં તેનો વારસદાર અવતરશે એવો ઢંઢેરો પીટાવતા, જાહેરાત કરતા. પછી કોઇનું જન્મેલું તાજુ બાળક રાતના અંધારામાં રૂપિયાનો વહીવટ કરીને બાળક ખરીદાતું પછી જાહેરાત થતી કે, રાણીબાને કુંવર અવતર્યો છે. આવું આવું બધુ તો અનાદિકાળથી ચાલ્યું આવે છે, દામલ !"

"આમ જોઈએ તો મેં જે કંઈ કર્યું છે તે નવું નથી. જો હું આવું કામ ન કરૂં તો વિજય સાચે જ પાગલ થઇ જાય, કાં તો આત્મહત્યા કરી લે. હા, તેનામાં તો સંતાન પેદા કરવાની તાકાત હતી નહીં તે મને તો ઠીક પરંતુ તેને પણ ઊંડે ઊંડે આ વાતની ખબર જ હતી. એટલે કોઈપણ પ્રકારે મારે તેને સંતાન આપવું એવું મેં વચન આપ્યું હતું. તો શું... સંતાન એમને એમ કંઈ ઉપરથી થોડું આવે ? અને એટલે જ મારો સુહાગ ખુશીથી જીવે, મોજથી જીવે એ માટે હું તારી સાથે એક પથારીમાં સૂવા માટે તત્પર થઈ. આમેય લગ્ન પછી સ્ત્રીને શરીર સંબંધી જે સુખની ઝંખના હોય, જે સુખની તરસ હોય તેની પ્રાપ્તિ તો થવી જ જોઈએ અને એવું શરીર સુખ ન મળે તો કાં તો એ સ્ત્રી પાગલ બની જાય અથવા તો નિયમ તો છે જ. એટલે આમ જોઈએ તો લગ્ન પછી મને જે શરીર સુખ વિજય દ્વારા મળવું જોઈએ તે મળ્યું જ નહોતું. હું પણ આવા સુખ માટે રીબાતી હતી, તડપતી હતી, તલસતી હતી ને ખુબ ખુબ મુંઝાતી હતી. હું પણ આખરે તો એક સ્ત્રી જ છું ને ? મને પણ સાચું સુખ, શરીરને જોઈતું સાચું સુખ મેળવવાની પ્રબળ ઈચ્છા તો થતી જ હોય ને...?!

"શિક્ષક તરીકે નોકરી સ્વીકારતા કમળાપુર જોવા આવી, સ્કૂલનો એક સાવ જ અજાણ્યો એવો ફૂટડો યુવાન શિક્ષક મારી નજરમાં પ્રથમ દિવસે જ કેદ થઈ ગયો, એ યુવાન બીજો કોઈ નહીં પણ તું છે દામલ ! હવે પછીની બધી જ વાતની તને તો ખબર છે..." જ્યોતિ આટલું બધું બોલી હવે અટકી... (ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# રાજકોટમાં ઘરની વાત ઘરમાં રાખવા કોર્પોરેટરોને મુખ્યમંત્રીની સલાહ

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૭

રાજકોટ શહેર અને જિલ્લાના વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત માટે આવેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શનિવારે પોતાની મુલાકાત દરમિયાન ભાજપના ચૂંટાયેલા કોર્પોરેટરો સાથે મુલાકાત કરી હતી. ભૂપેન્દ્ર પટેલે કોર્પોરેટરોને આંતરિક જુથવાદથી દુર રહીને ઘરની વાત ઘરમાં રાખવા માટે અને પોત પોતાના વિસ્તારમાં વિકાસ કાર્યોમાં ધ્યાન કેન્દ્રીત કરવાની ટકોર કરી હતી.



ભૂપેન્દ્ર પટેલે વધુમાં કહ્યું હતું કે રાજ્યમાં ભાજપની સરકાર છે અને વિકાસ અવિરત રીતે ચાલી રહ્યો છે. જો કોઈ પ્રશ્નો હોય તો તુરંત જ સરકારનું ધ્યાન દોરવું જોઈએ, વિકાસ અટકવો ન જોઈએ. જો કે રાજકોટ મહાનગરપાલિકાના આંતરિક જુથવાદ પર ટકોર કરતા કહ્યું હતું કે ઘરની વાત ઘરમાં રહેવી જોઈએ. જો કોઈ વ્યક્તિને પ્રશ્ન હોય તો તેઓએ સાથે બેસીને ચર્ચા કરવી જોઈએ. મીડિયાના માધ્યમથી રજૂઆત કરવાને બદલે સીધા જ પ્રશ્નોનું સમાધાન થાય તે જરૂરી છે. રૂપિયાના કારણે કોઈ કામગીરી અટકશે નહિ અને રાજકોટનો સર્વાંગી વિકાસ થાય તે માટે સરકાર સતત પ્રયત્નશીલ હોવાનું કહ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બે તબક્કામાં કોર્પોરેટરો સાથે મુલાકાત કરી હતી જેમાં કોર્પોરેટરોએ પોતાના વિસ્તારના વિવિધ પ્રશ્નો રજૂ કર્યા હતા જેમાં માધાપર ચોકડી ખાતે ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે અંડરબ્રિજ તૈયાર કરવા માંગ કરવામાં આવી હતી. આજી ડેમમાં કમ્પાઉન્ડ વોલ કરવાની પણ માંગ કરવામાં આવી હતી. કોર્પોરેટરોએ પોતાના વિસ્તારના સ્થાનિક પ્રશ્નોની રજૂઆત કરી હતી.

# પાકિસ્તાનને ચીન તરફથી એક મોટા સંરક્ષણ પેકેજની ઓફર

(એચ.એસ.એલ),બેઈજિંગ,તા.૭

પાકિસ્તાન સરકારે સત્તાવાર રીતે પુષ્ટિ આપી છે કે ચીને તેને ઘણા અત્યાધુનિક શસ્ત્રો ઓફર કર્યા છે. પાકિસ્તાને કહ્યું છે કે તેને ચીન તરફથી એક મોટા સંરક્ષણ પેકેજની ઓફર મળી છે, જેનો હેતુ પાકિસ્તાન વાયુસેનાની ક્ષમતાઓમાં ઝડપથી વધારો કરવાનો છે. આ જાહેરાત પાકિસ્તાન સરકારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર કરી છે. પાકિસ્તાન સરકાર દ્વારા



જારી કરાયેલા સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ચીન તેને ૪૦ **J-35A** પાંચમી પેઢીના સ્ટીલ્થ ફાઈટર જેટ, કેજે-૫૦૦ એરબોર્ન અર્લી વોર્નિંગ એન્ડ કંટ્રોલ એરક્રાફ્ટ અને એચક્યુ-૧૯ લાંબા અંતરના એર અને મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ આપશે. જોકે, તેમની સંખ્યા વિશેની માહિતી અજાણ રાખવામાં આવી છે. ભારત સાથેના તાજેતરના સંઘર્ષ દરમિયાન, ભારતે પાકિસ્તાનના ૩ માંથી ૨ એઈડબ્લ્યુએન્ડસી તોડી પાડ્યા હતા, જેનાથી પાકિસ્તાન વાયુસેનાની દેખરેખ ક્ષમતા ૭૦ ટકાથી વધુ ઘટી ગઈ હતી. તાજેતરના સંઘર્ષ દરમિયાન, ભારતે પાકિસ્તાનના એક ડઝન એરબેઝ પર ખતરનાક હુમલા કર્યા હતા અને ઓછામાં ઓછા ૧૦ વિમાન તોડી પાડ્યા હતા. ત્યારબાદ ચીન હવે પાકિસ્તાનની સેનાને મજબૂત બનાવવામાં વ્યસ્ત છે.

# રાજુલા-ખાંભાના ગ્રામ્ય વિસ્તોરમાં ભારે પવન સાથે વરસાદ ખાબક્યો

અમરેલી, તા.૦૭

હવામાન વિભાગે આગામી ૭ દિવસ રાજ્યમાં છુટાછવાયા વરસાદની આગાહી કરી છે. આજરોજ સૌરાષ્ટ્રમાં રાજકોટ, જુનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, દીવ જ્યારે દક્ષિણ ગુજરાતમાં દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. અમરેલી જિલ્લામાં સતત બીજા દિવસે ખાંભાના ગામડામાં ધોધમાર



વરસાદ વરસ્યો હતો. ખાંભા પંથકના ભાડ, નાના વિસાવદર, ઉમરીયા, નાનુડી સહિત ગામોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. રાજુલા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. આગરીયા, માંડરડી સહીતના ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદી ઝાપટું પડ્યું હતું.

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પીએમ મોદીએ બકરી ઈદની શુભેચ્છા પાઠવી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૭

રાષ્ટ્રપતિ મુર્મુએ તેમના એક્સ હેન્ડલ પર કહ્યું કે 'ઈદ-ઉલ-અઝહાના શુભ પ્રસંગે, હું તમામ દેશવાસીઓને, ખાસ કરીને મુસ્લિમ ભાઈ-બહેનોને મારા હૃદયપૂર્વક અભિનંદન અને શુભકામનાઓ પાઠવું છું. આ તહેવાર બલિદાન, શ્રદ્ધા અને અનેક આદર્શોનું મહત્વ સમજાવે છે. ચાલો આપણે બધા આ શુભ પ્રસંગે સમાજ અને દેશ માટે સમર્પણની ભાવના સાથે



કામ કરવાની પ્રતિજ્ઞા લઈએ'. તે જ સમયે, પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર લખેલી પોસ્ટમાં એમ પણ કહ્યું, 'ઈદ-ઉલ-અઝહાની હાર્દિક શુભેચ્છાઓ. આ પ્રસંગ આપણા સમાજમાં સંવાદિતાને પ્રેરણા આપે અને શાંતિના તાણાવાણાને મજબૂત બનાવે. હું દરેકને સારા સ્વાસ્થ્ય અને સમૃદ્ધિની શુભેચ્છા પાઠવું છું'.

રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી ઉપરાંત, ઘણા અન્ય નેતાઓએ પણ ઈદ-ઉલ-અઝહાની શુભેચ્છા પાઠવી છે. જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે હું બધાને ઈદની ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું અને આશા રાખું છું કે આ ઈદ જમ્મુ અને કાશ્મીર, આ દેશ અને વિશ્વના મુસ્લિમો માટે સારા દિવસો, શાંતિ અને ભાઈચારો લાવે.

# દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાને ધમકી આપનાર વ્યક્તિની ધરપકડ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૭

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાને મારી નાખવાની ધમકી આપનાર વ્યક્તિની દિલ્હી પોલીસની સ્પેશિયલ સ્ટાફ ટીમ દ્વારા ગાઝિયાબાદથી ધરપકડ કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું હતું કે આરોપીએ દારૂના નશામાં ફોન કરીને ધમકી આપી હતી. ધરપકડ કરાયેલ આરોપીની ઓળખ શ્લોક તિવારી તરીકે કરવામાં આવી છે.

ગુરુવારે રાત્રે એક અજાણ્યા કોલરે ગાઝિયાબાદ કોતવાલીના ડાયલ ૧૧૨ પર ફોન કર્યો અને દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાને મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ કોલ કરનારે પોતાનો મોબાઈલ બંધ કરી દીધો હતો. ફોન કરનારને પકડવા માટે સર્વેલન્સ અને બે પોલીસ ટીમો બનાવવામાં આવી હતી.

રેખા ગુપ્તા દિલ્હીની શાલીમાર બાગ વિધાનસભા બેઠકના ધારાસભ્ય છે. તે દિલ્હી ભાજપના મહાસચિવ અને ભાજપના મહિલા મોરચાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પણ હતા.

# બેંગ્લોરમાં ભાગદોડ પછી કર્ણાટક રાજ્ય ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી અને ખજાનચીનું રાજીનામું

(એચ.એસ.એલ),બેંગ્લુરૂ,તા.૭

બેંગ્લોરમાં ભાગદોડ પછી, વિવાદોમાં ફસાયેલા કર્ણાટક રાજ્ય ક્રિકેટ એસોસિએશન તરફથી મોટા સમાચાર આવી રહ્યા છે. માહિતી અનુસાર, એ. શંકર અને ઈજી જયરામે કેએસસીએના સેક્રેટરી અને ખજાનચી પદેથી રાજીનામું આપી દીધું છે. આરસીબીની આઈપીએલ ટ્રોફી ઉજવણી




દરમિયાન થયેલી ભાગદોડની નૈતિક જવાબદારી તેમણે લીધી છે. આ અકસ્માતમાં ૧૧ લોકોના મોત થયા છે. એક સંયુક્ત નિવેદનમાં, શંકર અને જયરામે જણાવ્યું હતું કે તેમણે કેએસસીએ પ્રમુખને રાજીનામું સુપરત કર્યું છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, 'છેલ્લા બે દિવસમાં બનેલી અણધારી અને કમનસીબ ઘટનાઓને કારણે, અમે જણાવવા માંગીએ છીએ કે અમે કર્ણાટક રાજ્ય ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી અને ટ્રેઝરર તરીકેના અમારા સંબંધિત પદ પરથી રાજીનામું આપી દીધું છે. જોકે, અમારી ભૂમિકા ખૂબ જ મર્યાદિત હતી.'

# રાહુલ ગાંધીએ ફરી એકવાર મહારાષ્ટ્ર ચૂંટણી પર સવાલ ઉઠાવ્યા : ગોટાળાના આક્ષેપ કર્યા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૭

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ફરી એકવાર મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે ભાજપ પર મેચ ફિક્સિંગની જેમ ચૂંટણીમાં ગોટાળા કરવાનો આરોપ લગાવ્યો છે. એક અખબારમાં પ્રકાશિત એક લેખ શેર કરતા, રાહુલ ગાંધીએ ચૂંટણીને પ્રભાવિત કરવા માટે પાંચ પગલાંનો ઉલ્લેખ કર્યો છે.



રાહુલ ગાંધીએ એક્સ પર એક પોસ્ટમાં લખ્યું હતું કે ચૂંટણીમાં કેવી રીતે ચોરી કરવી? ૨૦૨૪ માં મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીઓ લોકશાહીમાં છેતરપિંડી કરવાની બ્લુપ્રિન્ટ હતી. મારો લેખ બતાવે છે કે તે કેવી રીતે થયું? તેમણે તેમના લેખ સાથે પાંચ પગલાં શેર કર્યા. રાહુલ ગાંધીએ લખ્યું કે પહેલું પગલું - ચૂંટણી પંચની નિમણૂક માટે પેનલમાં છેતરપિંડી, બીજું પગલું - મતદાર યાદીમાં નકલી મતદારો ઉમેરવા, ત્રીજું પગલું - મતદાન ટકાવારી વધારવી, ચોથું પગલું - નકલી મતદાનને બરાબર ત્યાં લક્ષ્ય બનાવવું જ્યાં ભાજપ જીતવા માંગે છે અને પાંચમું પગલું પુરાવા છુપાવવાનું છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે મહારાષ્ટ્રમાં ભાજપ આટલો ભયાવહ કેમ હતો તે જોવું મુશ્કેલ નથી? પરંતુ આ છેતરપિંડી મેચ ફિક્સિંગ જેવી છે - જે પક્ષ છેતરપિંડી કરે છે તે રમત જીતી શકે છે, પરંતુ સંસ્થાઓને નુકસાન પહોંચાડે છે. પરિણામ પર જનતાનો વિશ્વાસ પણ નષ્ટ કરે છે. બધા સંબંધિત ભારતીયોએ પુરાવા જોવા જોઈએ. જાતે નક્કી કરો.

**પાણીની અછતનાં કારણે સ્નાન નહી કરી શક્તા બાળકોને પાણી પુરવઠાની કચેરી બહાર નવડાવ્યા**

# ઉનાના માણેકપુરનાં મહિલા સરપંચનો પાણી મુદ્દે અનોખો વિરોધ

ઉના, તા.૦૭

ઉનાના દરિયા કિનારાના પાંચ હજારથી વધુ વસ્તી ધરાવતા માણેકપુર ગામમાં છેલ્લા ૨૦ દિવસથી પાણીની સમસ્યા છે. પાણી પુરવઠા તંત્ર આ સમસ્યાનો ઉકેલ નહીં લાવતું હોવાના કારણે લોકો પંચાયતના કૂવાનું ખારું પાણી પીવા મજબૂર બન્યા છે અને માલઢોર પશુ પાણી વગર ટળવળે છે અને લોકો પાંચ પાંચ દિવસથી સ્નાન કરી શક્યા નથી. આ સમસ્યાથી ત્રાસીને ગામના મહિલા સરપંચ ભાવુબેન રાઠોડે ઝાંસીની રાણી બનીને ઉનામાં પાણી પુરવઠા જુથ યોજનાની કચેરીના નઘરોળ તંત્રને જગાડવા કમર કસી હતી. તેમણે શનિવારે સવાર પડતાંની સાથે જ પોતાના બે નાના બાળકો અને પતિ સાથે ૨૦ કિ.મી. દુરથી જુના કપડાંના પોટલાં અને પાણી ભરવાના બેડા સાથે કચેરીમાં આવીને પાણી આપવાની જીદ સાથે ધરણાં ઉપર બેસી ગયા હતા. કચેરીના દરવાજે ધામા નાખીને પોતાના



પાંચ દિવસથી સ્નાન નહીં કરેલાં બાળકોને કચેરીમાં આવતા પાણીમાંથી કર્મચારીઓ સામે સ્નાન કરાવ્યું હતુ અને ચીમકી આપી હતી કે, જ્યાં સુધી ગામમાં પાણી નહીં પહોંચે ત્યાં સુધી પોતે કોઈ પ્રકારનું અનાજ-પાણી પણ મોઢે નહીં અડાડે. આ વાત અધિકારીઓ સુધી પહોંચતા જ તંત્ર દોડતું થયું હતું અને પાણીની લાઈનનું જોડાણ અન્ય જગ્યાએથી કરી પાણી પહોંચતું કર્યું હતું.

# ધોરાજીમાં ૬૦ વર્ષથી વધુ વયના સિનિયર સિટીઝન્સને વિનામૂલ્યે સાધન સહાય

ધોરાજી,તા.૦૭

રાજકોટ જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ ધોરાજીની સરકારી હોસ્પિટલ ખાતે સિનિયર સિટીઝન્સ માટે એક વિશેષ સાધન સહાય વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ધોરાજી શહેર અને તાલુકાના ૬૦ વર્ષથી વધુ વયના સિનિયર સિટીઝન્સ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



આ કેમ્પમાં વોકિંગ સ્ટિક, ટ્રાયપોડ, વોકર, હિયરિંગ એઈડ મશીન, ફોલ્ડિંગ વ્હીલચેર સહિત વિવિધ સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કેમ્પમાં પ્રાંત અધિકારી નાગાજણ તરખાલા, ડૉ. જયેશ વેસેયટીન, ડૉ. વાછાણી, મામલતદાર પંચાલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભેંસાણમાં વૃક્ષારોપણ કરીને એક વૃક્ષ મા કે નામ અભિયાનની શરૂઆત

ભેંસાણ, તા.૦૭

વિશ્વ પર્યાવરણ દિવસે ભેંસાણના S.T. બસ સ્ટેશનમાં પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન સંવર્ધન પરિષદ દ્વારા વૃક્ષારોપણ કરીને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ તકે પરિષદના જૂનાગઢ જિલ્લા પ્રમુખ ગોપાલભાઈ ભેંસાણીયા, ભરતભાઈ બોરીચા, સુભાષભાઈ ત્રિવેદી તેમજ સમગ્ર ટીમ દ્વારા "એક



વૃક્ષ મા કે નામ" અભિયાન અંતર્ગત પવિત્ર પીપળાના વૃક્ષનું વૃક્ષારોપણ કરીને આ અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. ગોપાલભાઈ ભેંસાણીયા દ્વારા બસ સ્ટેશને આવતા મુસાફરોને વિશ્વ પર્યાવરણ દિવસે સતત બદલતા રહેલા પર્યાવરણ, ઊંડા જતા રહેલા ભૂગર્ભ જળ માટે પાણી બચત અને શુદ્ધ હવા અને ઓક્સિજન માટે વૃક્ષારોપણનું મહત્વ સમજાવીને એક "વૃક્ષ મા કે નામ"નો સંકલ્પ લેવડાવવીને વૃક્ષારોપણ કરી, આ જીવંત સૃષ્ટિનું રક્ષણ અને સંવર્ધન કરીને પશુ પક્ષીઓ તેમજ માનવજીવનના રક્ષણ માટે પાણી અને પર્યાવરણ બચાવવા માટે અપીલ કરવામાં આવી હતી.

# પોરબંદર ખાતે કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવીયાના અધ્યક્ષ સ્થાને સેવાસેતુ, મેડિકલ કેમ્પ અને ઈ-ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો

પોરબંદર, તા.૦૭

શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત વિભાગ, કેન્દ્રીય મંત્રી અને પોરબંદર જિલ્લાના સાંસદ ડૉ.મનસુખભાઈ માંડવીયાના અધ્યક્ષ સ્થાને તાજાવાલ હોલ, પોરબંદર ખાતે પોરબંદર શહેરી કક્ષાનો સેવાસેતુ, મેડિકલ કેમ્પ અને ઈ-ખાતમુહૂર્ત -લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. કેન્દ્રીય મંત્રી સહિતના મહાનુભાવોના હસ્તે પોરબંદર મહાનગરપાલિકાના રૂ.૧૧.૯૬



કરોડના ૧૬ કામોનું ઈ-ખાતમુહૂર્ત અને વિવિધ યોજનાઓના સહાય હુકમ અને કીટ વિતરણ અને સેવાભાવી સામાજિક સંસ્થાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આભારવિધિ નાયબ મ્યુ. કમિશનર મનન ચતુર્વેદીએ કરી હતી. ત્યારબાદ નટવરસિંહ ક્લબ પોરબંદર ખાતે કેન્દ્રીય મંત્રી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં "આપણું પોરબંદર ગ્રીન પોરબંદર" અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ તકે રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયા, પોરબંદર ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડિયા, પોરબંદર જિલ્લા પંચાયત પ્રમુખ પરબતભાઈ પરમાર, પોરબંદર ઈન્ચાર્જ કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી બી.બી. ચૌધરી, જિલ્લા પોલીસ વડા ભગીરથસિંહ જાડેજા સહિતના અગ્રણીઓ અને શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

**અમરેલીના સાવરકુંડલામાં કોરોનાનો એક કેસ નોંધાયો**

# રાજ્યમાં કોરોનાથી હાહાકાર : એક જ દિવસમાં કોરોનાનાં નવા ૧૭૦ કેસ

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૭

ગુજરાતમાં કોરોનાથી હાહાકાર મચી ગયો છે. અમદાવાદ બાદ રાજકોટમાં છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાનાં ૯ કેસ નોંધાયા છે. જેમાં ૩ મહિલા, ૧ સગીર અને ૫ પુરુષ પોઝિટિવ છે. અમદાવાદના દર્દીઓમાં કોરોનાની ત્રીજી લહેર વખતનો ઓમિક્રોન વેરિઅન્ટ મળ્યો છે. ગુજરાતમાં ગઈકાલે



કોરોનાના ૧૭૦ કેસ નોંધાયા હતા. રાજ્યમાં હાલમાં ૭૧૭ કેસ એક્ટિવ છે. કોવિડ પોઝિટિવ દર્દીના જીનોમ સિક્વન્સ ટેસ્ટિંગ જીબીઆરસી ગાંધીનગર ખાતે કરવામાં આવે છે જેમાં મુખ્યત્વે જેએન ૧ એલએફ ૭ ૭.૯ અને એકએફજી જોવા મળેલ છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજકોટમાં કોરોના કેસનો રાફડો ફાટ્યો છે. ૬ પુરુષ અને ૩ સ્ત્રીના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે.

દેશમાં કોરોના કેસની સંખ્યામાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. છેલ્લા ઘણા દિવસથી અમરેલી જિલ્લો આમાંથી બાકાત હતો પરંતુ શનિવારે સાવરકુંડલાના ખાદી કાર્યાલય વિસ્તારમાંથી ૨૭ વર્ષની મહિલા કોરોના પોઝિટિવ આવતા અમરેલી જિલ્લામાં પણ કોરોનાએ દસ્તક દીધી છે.

## ગુજરાતમાં વધુ એક સરકારી ભરતીમાં છબરડાનો યુવરાજસિંહનો આક્ષેપ

અમદાવાદ,તા.૭

વધુ એક પરીક્ષામાં ગેરરીતિ થઈ હોવાનો વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ આક્ષેપ લગાવ્યો છે. આણંદની ચારૂતર વિદ્યામંડળ સંચાલિત એસ.એમ. પટેલ કોલેજમાં ભરતીમાં ગેરરીતિ થઈ હોવાના આક્ષેપ ઉઠ્યા છે. પરીક્ષા પ્રક્રિયા પૂર્ણ કરી દીધા બાદ પણ માનીતા ઉમેદવારો ન મળતા મંડળ દ્વારા ૧ વર્ષથી સિલેક્ટ થયેલ ઉમેદવારને નિમણૂક પત્ર નથી અપાયા. ભરતી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હોવા છતાંય છેલા ૧ વર્ષથી



નિમણૂક પત્ર આપવામાં આવતા નથી. મંડળ દ્વારા લેબ આસિસ્ટન્ટ માટે તા.૦૮/૦૨/૨૦૨૪ના રોજ જાહેરખબર પ્રસિદ્ધ થઈ હતી. ઉમેદવારે ઉમેદવારી નોંધાવી અને પ્રિલિમ પરીક્ષા તા.૨૯/૦૯/૨૦૨૪ એ આપી હતી. તા.૦૩/૧૦/૨૦૨૪ ના રોજ સીપીટી લેવામાં આવી હતી.

## કડી-વિસાવદર પેટાચૂંટણી : કોંગ્રેસે ૪૦ સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી

અમદાવાદ,તા.૭

કોંગ્રેસે વિસાવદર બેઠક પરથી નીતિન રાણપરિયાને પોતાના ઉમેદવાર તરીકે જાહેર કર્યા બાદ હવે પેટાચૂંટણી માટે સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે. આ યાદીમાં ૪૦ જેટલા કોંગ્રેસ નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, સિદ્ધાર્થ પટેલ, મુકુલ વાસનિક, જગદીશ ઠાકોર, ગેનીબેન ઠાકોર, પરેશ ધાનાણી, અમિત ચાવડા, ભરતસિંહ સોલંકી, જીગ્નેશ મેવાણી, અમિબેન જ્ઞાનિક, લાલજી દેસાઈ, મધુસુદન મિસ્ત્રી, શૈલેષ પરમાર, ઈમરાન ખેડાવાલા, ઈન્દ્રનીલ રાજ્યગુરૂ, બળદેવજી ઠાકોર અને લલિત વસોયા સહિતના નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. નીતિન રાણપરિયા જિલ્લા પંચાયતના સભ્ય રહી ચૂક્યા છે, આ સિવાય વિસાવદર યુથ કોંગ્રેસના પ્રમુખ રહી ચૂક્યા છે. હાલમાં તેઓ ભેંસાણ તાલુકા કોંગ્રેસ પ્રમુખની જવાબદારી નિભાવે છે. નીતિન રાણપરિયાને પહેલીવાર કોંગ્રેસે વિધાનસભા બેઠકની ટિકિટ આપી છે. તેઓ પહેલીવાર વિધાનસભાની ચૂંટણી લડી રહ્યા છે.

# રાજ્યના સૌથી મોટા સાયબર ફ્રોડનો પર્દાફાશ: ૧૪૪૫ કરોડ રૂપિયાની હેરાફેરીની આશંકા

સુરત,તા.૭

રાજ્યમાં સૌથી મોટા સાયબર ફ્રોડનો પર્દાફાશ થયો છે. જે મામલે તપાસ દરમિયાન પોલીસ પણ ચોંકી ગઈ છે. ગુજરાત પોલીસને ૧૬૫ બેંક એકાઉન્ટ મળી આવ્યા છે. જેમાં માત્ર ૬ મહિનામાં RBL બેંકના ૯૦ બેંક એકાઉન્ટમાંથી કુલ ૧૪૪૫ કરોડ રૂપિયાની હેરાફેરી થઈ છે. જોકે અન્ય ૭૫ બેંક એકાઉન્ટની તપાસ ચાલી રહી છે. આ




કૌભાંડ માત્ર ગુજરાત પુરતું સીમિત નહી હોઈ સમગ્ર રાષ્ટ્રમાં વ્યાપેલું હોવાનું અને તપાસ કરવામાં આવે તો અબજો રૂપિયાનું કૌભાંડ બહાર આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. કીરીટ જાદવાણી અને મિત ખોખર સહિત મયુર ઈટાલિયા નામના શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. સમગ્ર કેસમાં દિવ્યેશ વિનીત સહિત રિચ પે આઈડી ધારક નામના આરોપીઓ પણ મુખ્ય આરોપી હોવાનું સામે આવ્યું છે.

## ભુજમાં એક જ પરિવારનાં પાંચ સભ્યોને રેસ્ટોરેન્ટમાં જમ્યા બાદ ફૂડ પોઈઝનની અસર

ભુજ,તા.૭

કચ્છમાં ભુજમાં ભીડનાકા પાસે આવેલી ઝમઝમ હોટલમાં એક જ પરિવારના સભ્યોએ ભોજન લીધું હતું. ભોજન લીધા બાદ તબિયત લથડી હતી. તબિયત બગડતાં તમામ સભ્યોને વાયબલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરિવારનાં એક સભ્યની સ્થિતિ ગંભીર થતાં વેન્ટિલેટર પર સારવાર આપવામાં આવી રહી છે. તબીબોએ ૫ સભ્યોના બ્લડ સેમ્પલ લઈ સારવાર આગળ વધારી છે. ફૂડ પોઈઝનિંગની ઘટના બાદ સંચાલકે હોટલ બંધ કરી દીધી છે. હોસ્પિટલ દ્વારા ફૂડ પોઈઝનિંગના દર્દીઓ વિશે ભુજ બી ડિવિઝન પોલીસને જાણ કરવામાં આવી છે. પરિવારના ૭ માંથી ૫ લોકોએ હોટેલમાં ભોજન લીધું હતું. ધાર્મિક પ્રસંગોએ ખોરાક ખાધા પછી સ્થાનિક લોકોને ઉલ્ટી અને ઝાડા થયા હતા, જેમાં લગભગ ૭૦ બાળકો સૌથી વધુ અસરગ્રસ્ત થયા હતા. એક જ રસોઈયો બંને ગામોમાં ભોજન મોકલતો હતો. બીજી તરફ, ફૂડ એન્ડ ડ્રગ વિભાગની ટીમે ખોરાકના નમૂના લીધા છે. જાણવા મળ્યું છે કે બધા ગામલોકોના સ્વાસ્થ્યમાં સુધારો જોવા મળ્યો હતો.

## ગ્રામ પંચાયત ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરતી વખતે સોગંદનામાને બદલે ફક્ત કબૂલાતનામું આપી શકાશે




ગાંધીનગર,તા.૭

ગ્રામ પંચાયત ચૂંટણી માટે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ફોર્મ બહાર પાડવામાં આવ્યા હતા. જેમાં કાયદા અને બંધારણની જોગવાઈ મુજબ ન હોવાથી ગુજરાત કોંગ્રેસે રાજ્ય ચૂંટણી પંચને જાણ કરતા ચૂંટણી પંચે અધિકારીઓ, કલેક્ટરોને ફક્ત એકરારનામુ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. રાજ્ય ચૂંટણી પંચ સાથેની બેઠકમાં ગુજરાત કોંગ્રેસે કાયદાકીય જોગવાઈઓના અભાવે સ્થાનિક ચૂંટણી અધિકારી દ્વારા ઉમેદવારો પાસેથી માંગવામાં આવતી વિવિધ બાબતો, સોગંદનામા અને પ્રમાણપત્રો અંગે ગુજરાતભરમાંથી મળેલી ફરિયાદો અંગે એક અરજી રજૂ કરી હતી જેમાં કાયદા અને બંધારણના ઉલ્લંઘન અંગે રજૂઆત પણ કરી હતી.

રાજ્ય ચૂંટણી પંચે જિલ્લા કલેક્ટરો અને ચૂંટણી અધિકારીઓને ઉમેદવારી પત્ર ભરતી વખતે સોગંદનામાને બદલે ફક્ત કબૂલાતનામું (એકરારનામું) આપવાનો આદેશ આપ્યો છે. ચૂંટણી પંચે પ્રાંત અથવા મામલતદાર દ્વારા ચૂંટણી અધિકારી તરીકે અથવા કોઈપણ ચૂંટણી અધિકારી જેમને તેમણે સત્તા સોંપી છે તેમના દ્વારા ઉમેદવાર પાસેથી સોગંદનામું માંગવામાં આવે તો તાત્કાલિક અસરથી આવા અધિકારીઓ સામે શિસ્તભંગના પગલાં લેવાનો પણ આદેશ આપ્યો છે.

છેલ્લાં 25 વર્ષ થી આપનો વિશ્વાસ પાત્ર ફેમિલી જવેલર
ઉત્તમ કારીગરી • સર્ટીફાઇડ જવેલરી • પારદર્શી વ્યવહાર
સોનું ઝાડ પર નથી ઉગતું !
લો બોલો હવે
Scan QR Code
HUID હોલમાર્ક જ્વેલરી શો-રૂમ
MGA મધુવન ગોલ્ડ આર્ટ
Since : 2000
સોના-ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર
જૂની બજાર, પાણી દરવાજા રોડ અમરેલી. 02792 - 222208 94264 23006
madhuvangold.in

સોનાનાં કલાત્મક આભૂષણ
રીયલ ડાયમંડ જ્વેલરી
રોઝ ગોલ્ડ તથા વ્હાઈડ ગોલ્ડ જ્વેલરી
૯૨.૫ સ્ટર્લિંગ સિલ્વર જ્વેલરી
વી.કે. જ્વેલર્સ
દાણા બજાર, ટાવર પાસે, અમરેલી.
ફોનઃ ૦૨૭૯૨- ૨૨૬૧૬૨, મો.૮૦૦૦ ૭૦૦ ૮૦૦
ચોકસી નાગરીક બેંક અમરેલી.

માતુશ્રી ડી.બી.પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ
કૈલાશ નગર, આટકોટ - ૩૬૦૦૪૦ તા. જસદણ જી.રાજકોટ
પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ
સમસ્ત પટેલ સમાજ કન્યા સંસ્કાર મંદિર
મહિલા નિવાસી સંકુલ
Mts. D.B. Patel Edu. Trust
સા વિદ્યા યા વિમુક્તયે
પ્રવેશ-માર્ગદર્શન માટે મળો. 2025-26
ગુણવતા યુકત શિક્ષણ માટે દરેક કલાસરૂમમાં મર્યાદિત સંખ્યા..
શ્રી એલ.એચ.રામાણી પ્રાયમરી સ્કૂલ- આટકોટ
(સ્વનિર્ભર ઈંગ્લીશ મીડિયમ શાળા)
Play House, L.K.G., H.K.G.,
Std. 1 to 5 Std. 6 to 8
કેરેલીયન સ્ટાફ દ્વારા શિક્ષણ
ધો. ૪ થી ૮ પ્રાથમિક વિભાગ સ્વર્નિભર ગુજરાતી માધ્યમ
ધો. ૯ થી ૧૦ માધ્યમિક વિભાગ ગ્રાન્ટેડ ગુજરાતી માધ્યમ
ધો. ૧૧ થી ૧૨ ઉચ્ચતર માધ્યમિક વિભાગ ગ્રાન્ટેડ ગુજરાતી માધ્યમ સામાન્ય પ્રવાહ
Shree K. V. Ramani Mahila Art's & Commerce College Atkot
B.A. સ્વર્નિભર અંગ્રેજી માધ્યમ
B.Com. સ્વર્નિભર અંગ્રેજી માધ્યમ
M.Com. સ્વર્નિભર અંગ્રેજી માધ્યમ
B.C.A. સ્વર્નિભર અંગ્રેજી માધ્યમ
B.Sc. સ્વર્નિભર અંગ્રેજી માધ્યમ
B.Ed. / M.Ed. સ્વર્નિભર
પેરામેડીકલ વિભાગ
A.N.M.નર્સિંગ સ્વર્નિભર ગુજરાતી માધ્યમ
G.N.M. નર્સિંગ સ્વર્નિભર અંગ્રેજી માધ્યમ
B.Sc. નર્સિંગ સ્વર્નિભર અંગ્રેજી માધ્યમ
પોસ્ટ બેઝીક B.Sc. નર્સિંગ સ્વર્નિભર અંગ્રેજી માધ્યમ
M.Sc.નર્સિંગ સ્વર્નિભર અંગ્રેજી માધ્યમ
શું આપની દિકરીને ગુણવત્તાયુકત શ્રેષ્ઠ શિક્ષણ અને શ્રેષ્ઠ સલામતી કવચ ધરાવતા મહિલા નિવાસી કેમ્પસની શોધમાં છો ?
➤ આપની દિકરી શહેરમાં ઘરથી દૂર કોલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે અપડાઉન કરે છે ?
➤ આપની દિકરી શહેરમાં હોસ્ટેલ/ રૂમ ભાડે રાખી દૂર કોલેજ જાય છે ?
➤ આપની દિકરી દૂર કોલેજમાં કો-એજયુકેશનમાં શિક્ષણ મેળવે છે ?
➤ માનસિક પ્રદૂષણ અને ટેન્શનનો ભોગ બનતી દિકરીને બચાવવા ઈચ્છો છો ?
➤ ટી.વી.,ચેનલો, સ્માર્ટ મોબાઈલ ફોન/નેટ આપના સંતાનનો રોજ બે થી ત્રણ કલાકનો સમય વ્યય કરે છે ?
➤ આપનું સંતાન હોસ્ટેલમાં ડ્રગ્ઝ, ઇ-સીગરેટ જેવા વ્યસનોથી દુર રહે તેવું ઇચ્છો છો ?
➤ દિકરીને માત્ર મહિલા નિવાસી કેમ્પસમાં એકાગ્રતાથી અભ્યાસ કરાવવા ઈચ્છો છો ?
➤ આપ ઈચ્છો છો કે આપની દિકરી ડીસ્ટીંકશન માર્કસ સાથે ગ્રેજયુએશન પાસ કરે અને જોબ મેળવવાના ચાન્સ વધી જાય / બેરોજગાર ન રહે.
➤ આપ ઈચ્છો છો કે આપની દિકરી ગ્રેજયુએશન પછી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સહેલાઈથી ઉતિર્ણ થઈ મોભાદાર સરકારી નોકરી કલાસ-૧, કલાસ-૨ મેળવે ?
➤ દિકરીની સલામતીને ટોચની અગ્રતા આપવામાં આવતી હોય ?
➤ Quantity Education ના બદલે Quality Education આપવામાં આવતું હોય.
➤ ઉચ્ચ કક્ષાની શિસ્ત અને સંસ્કારોનું ઘડતર થતું હોય.
એનો જવાબ છે કે ગુજરાતનું ''સમસ્ત પટેલ સમાજનું'' ગૌરવવંતુ સર્વશ્રેષ્ઠ મહિલા નિવાસી કેમ્પસ એટલે 'પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ - આટકોટ'
94269 61132 / 94274 91101 / 99745 93155
99791 47000 / 94295 73531 / 96872 03855